Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 23 - Issue : 07

April, 2019



હરિઃૐ આશ્રમ, સુરતનું ભૂમિ પૂજન પૂજ્ય શ્રીમોટાએ
તા. ૨૩, એપ્રિલ ૧૯૫૬ના રોજ રાત્રે ૧૨.૦૦ વાગ્યે કર્યું હતું.
(ચડ્ડી-બંડીવાળા) શ્રી ઝીણાભાઈ વંદન કરી રહ્યા છે.



આ ઘટનાની અન્ય તસવીર ટાઈટલ પેજ નંબર ૩ ઉપર છે.

|| શ્રી પરમ પૂજ્ય શ્રીમોટાની કૃપા ||



પૂજ્ય શ્રીમોટા

# પરમ પૂજ્ય શ્રી ઝીણાકાકાના
# ૯૩ મા જન્મદિનની ઉજવણી

## *મિલન સમારંભ*

**રવિવાર, તા. ૦૫-૦૫-૨૦૧૯**



પૂજ્ય શ્રી ઝીણાકાકા

|| હરિઃૐ ||

સ્નેહીશ્રી,

વૈશાખ સુદ પડવો ને રવિવાર તા. ૦૫-૦૫-૨૦૧૯ ના રોજ

**પૂજ્ય શ્રી ઝીણાકાકાના ૯૩ મા જન્મદિન**

નિમિત્તે લવાછા ચોર્યાસી પ્રાથમિક શાળાના પટાંગણમાં સત્સંગ મિલન સમારંભ રાખવામાં આવેલ છે. જેમાં આપ સૌને પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે. આ આમંત્રણને સહર્ષ સ્વીકારી સત્સંગ લાભ લેવા અવશ્ય પધારશોજી.

### : કાર્યક્રમ :
### રવિવાર, તા. ૦૫-૦૫-૨૦૧૯

| | | | | | |
|---|---|---|---|---|---|
| સવારે | ૦૮.૦૦ | થી | ૮.૪૫ | : | નામસ્મરણ - હરિઃૐ ધૂન (લવાછા હરિઃૐ મંડળ) |
| સવારે | ૦૮.૪૫ | થી | ૧૦.૦૦ | : | ભજનો (ભાવિક પટેલ, સુરત) |
| સવારે | ૧૦.૦૦ | થી | ૧૦.૪૫ | : | પરમ પૂજ્ય શ્રીમોટાની સમૂહ પ્રાર્થના, આરતી તથા પૂજ્ય શ્રી ઝીણાકાકાને ભાવાંજલિ |
| સવારે | ૧૦.૪૫ | થી | ૧૧.૦૦ | : | પૂજ્ય શ્રી ઝીણાકાકાનો વાર્તાલાપ (કેસેટ દ્વારા) |
| સવારે | ૧૧.૦૦ | થી | ૧૧.૧૫ | : | આભારવિધિ-શ્રી છગનભાઈ એચ. પટેલ |
| સવારે | ૧૧.૧૫ | થી | ૧૨.૦૦ | : | ગુરુવંદના |
| બપોરે | ૧૨.૦૦ | થી | ૦૧.૦૦ | : | પ્રસાદ |

### : ઉજવણી સ્થળ :

લવાછા ચોર્યાસી પ્રાથમિક શાળા, તા. ઓલપાડ. જિ. સુરત.
મો. : ૯૯૨૫૨ ૨૯૮૯૬ શ્રી પ્રવીણભાઈ (માસ્તર)

### : સ્નેહાધીન :

કૌટિલ્ય (ડી.કુ) છગનભાઈ હરિભાઈ પટેલ પરિવાર તથા સમસ્ત ગ્રામજનો
લવાછા ગામ, તા. ઓલપાડ, સુરત. મો. : ૯૮૨૫૬ ૯૬૩૫૦

સુરતથી આવનાર સ્વજનોએ મોરાભાગળ, સુભાષબાગથી સીધા દાંડી રોડ ઉપર આવી લવાછા શ્રી ઝેડ.એમ.પટેલ વિદ્યાલયથી ડાબી બાજુએ વળવું.

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૩ અંક : ૭ એપ્રિલ, ૨૦૧૯

## અનુક્રમ

૧. હરિજન સંતો : લેખકના બે બોલ ................ શ્રીમોટા ૪
૨. ઉત્સવના ભોજન અંગે .......................... શ્રીમોટા ૫
૩. સંત રવિદાસ .................................. શ્રીમોટા ૬
૪. સ્વામી મુક્તાનંદ પરમહંસ (૨) . અનુ. ધનસુખલાલ મહેતા ૧૧
૫. જીવ એક મુસાફર ................. શ્રીઉપાસની મહારાજ ૧૫
૬. હિમાલયમાં દિવ્યાનંદ : (૫) .............. શ્રીદાસાનુદાસ ૧૭
૭. સંત તુકારામ ........................ ભાલચંદ્ર નેમાડે ૧૯
૮. જ્ઞાનીજનોની સપ્તધારા ................ કાર્તિકેય અ. ભટ્ટ ૨૪

## સૌજન્ય

પૂજ્ય શ્રીમોટા દ્વારા હરિઃૐ આશ્રમ, સુરતનું ભૂમિપૂજન ૨૩ એપ્રિલ, ૧૯૫૬માં થયેલું. ઉપરાંત, પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કારદિન રામનવમીનો આ વર્ષનો ઉત્સવના ૧૪ એપ્રિલ, ૨૦૧૯ના રોજ છે. આવા સુયોગવાળા એપ્રિલ મહિનાના 'હરિભાવ'ના પ્રકાશનમાં સુરત નિવાસી સ્વજન પરિવારના ટ્રસ્ટ દ્વારા સહયોગ અપાયો છે, તે બદલ એ સમગ્ર પરિવાર પ્રત્યે અમો ઘણા ઘણા આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.

-સંપાદક

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (એરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

# (૧) ‘હરિજન સંતો’ : લેખકના બે બોલ

શ્રીમોટા

*(પૂજ્ય શ્રીમોટા લિખિત ‘હરિજન સંતો’ નામની નાનકડી પુસ્તિકાનું સને ૧૯૫૪માં પ્રકાશન થયેલું. તેમાં પૂજ્ય શ્રીમોટાએ ‘લેખકના બે બોલ’ તરીકે જે વ્યક્ત કરેલું તેનું કોઈ સંપાદન વિના આ પ્રકાશન છે - સંપાદક)*

આ નાનકડી ચોપડીમાં વર્ણવેલા તથા એવા પ્રકારના બીજા હરિજન સંતભક્તો અનેક પ્રકારની હાડમારી અને હેરાનગતિમાં પણ જીવનના સત્ત્વને ભૂલ્યા નથી. જોકે તેઓ સમાજના નીચલામાં નીચલા થરમાં જન્મ્યા હતા, તેમ છતાં દૈવી પ્રકાશનાં કિરણોને તેમની નાની અવસ્થામાંથી જ તેમણે ગ્રહણ કરી લીધેલાં હતાં. શ્રદ્ધા અને ભક્તિ તરફ એમનાં હૃદય ખુલ્લાં થયેલાં હતાં. શ્રીપ્રભુને તેઓ સર્વ રીતે અને સર્વ પ્રકારે અને સર્વ ભાવે સમર્થ માનતા. તેઓ ભજનો ગાતા, ઉત્તમ પદો બનાવતા, ઉપદેશ કરતા અને શ્રીપ્રભુને ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરતા. આમ હોવા છતાં પણ આવા હરિજન સાધુ પુરુષો વિશે હૃદયનો પ્રેમ-આદર કેળવવો અને એવો વિચાર કરવો એ પણ ઉચ્ચ વર્ણના અંધશ્રદ્ધાળુઓ માટે અસહ્ય હતું. આવા હરિજન સંતભક્તોનો તિરસ્કાર કરવામાં આવ્યો છે, તેમનું અપમાન કરવામાં આવ્યું છે, પવિત્ર સ્થળો અને ઘરોમાંથી ઢોરની માફક તેમને હાંકી કાઢવામાં આવ્યા છે, તેમ છતાં આ સાધુ આત્માઓ જરા પણ ડગ્યા નથી. આવી હાડમારીઓ, આવો તિરસ્કાર, આવી હેરાનગતિ તથા અનેક કનડગતોની વચ્ચે પણ તેઓ તેમની શ્રદ્ધાને વળગી રહ્યા હતા. તેમના હૃદયમાં જે પ્રકાશ પ્રકાશી રહ્યો હતો, તેના સૂચવેલા માર્ગે આગળ જવાને તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. જે લોકો તેમની કનડગત કરતા, તેમના વિશે કંઈ પણ મનમાં ઈતરાજી કે રાગદ્વેષ તેઓએ રાખ્યાં નથી. આ હકીકત હાલના જમાનાના આપણે બધાં હરિજનોએ ખાસ લક્ષમાં રાખવાની છે. હૃદયની સદ્‌ભાવના, આદર અને સમભાવ જીવતો જાગતો આપણા હૃદયમાં સવર્ણ ગણાતા વર્ગ પરત્વે જાગી ગયેલો હોવો જોઈશે, તો જ આપણે તેમનાં દિલ પિગળાવી શકીશું. કોઈનાયે જીવનનો પલટો કરાવવાને કાજે આપણે પોતે જ આપણા જીવનને સંપૂર્ણપણે પલટાવી નાખવું પડશે. જીવનમાં ઊંડો ઉત્કટ પ્રેમભાવ પ્રગટ્યા વિના આપણે કંઈ કશું કરી શકવાનાં નથી, એનું પ્રભુકૃપાથી આપણને યોગ્ય ભાન જાગો એવી હૃદયની પ્રાર્થના છે.

ઉપલા પ્રકારના હરિજન સંતભક્તોની જીવનમાં પ્રગટેલી જીવતીજાગતી નમ્રતા, ભક્તિ અને સંપૂર્ણ સાધુતા હંમેશને માટે ધાર્મિક ઈતિહાસમાં તેમને અમર સ્થાન અપાવશે. આપણા ઈતિહાસમાં ઘણા ઘણાયે વિવિધ પ્રકારનો અને અનેક રંગી ફાળો આપ્યો છે. ઘણા ઉમદા અને સાત્ત્વિક સાધુઓ, મહાન તત્ત્વચિંતકો અને તે તે સમયના યુગાવતાર સમા મહાપુરુષોએ આ મહાન આર્યપ્રજાના જીવનને ઘડ્યું છે. એ ફાળામાં આ હરિજન સંતભક્તોનો અનેરો ફાળો સમાયેલો છે. ધર્મના પ્રદેશમાં શ્રીબુદ્ધ અને શ્રીશંકર ભગવાન તથા એવા બીજા ધર્માચાર્યો મહાન નદીઓ જેવા છે,

તો આ નાના નાના હરિજન સંતભક્તો નિર્મળ ઝરા સમાન તો છે જ. કોઈ ભૂલો પડેલો થાક્યોપાક્યો તરસ્યો મુસાફર કે થાકેલો ખેડૂત એના કિનારે બેસી એનાં ઠંડાં અમૃત જેવાં જળ પી પી પોતે તાજો બનશે, નવીન જીવનની પ્રેરણા તે એમાંથી મેળવશે. આવા સંતભક્તોનો જે વર્ગમાંથી જન્મ થયો છે, તે લોકો તો બિચારા હજીયે અજ્ઞાન અને દુઃખમાં ડૂબેલા છે. તેમનો વસવાટ હજીયે ખંડેર જેવાં ઝૂંપડાંમાં છે. તેમનાં જીવન ગરીબાઈ અને દુઃખથી ભરેલાં છે. ઉચ્ચ ગણાતા સમાજ તરફથી હજીયે તેમની કનડગત અને હેરાનગતિ થાય છે. એમાંના નંદ, ચોખામેળા, રવિદાસ અને હરિદાસ જેવા અનેક સાધુ પુરુષો હજીયે તેમનામાં છે. તેઓ શાંતિથી દુઃખો સહન કરી, રાગદ્વેષાદિ ત્યજી, સર્વ પરત્વે સદ્‌ભાવ અને સમતાથી વર્તી પોતાનું જીવન વ્યતીત કરે છે. આ દુઃખ પામેલા પવિત્ર સંતભક્તોની સાત્ત્વિક જીવનની સ્મરણગાથા આપણને આપણા ધર્મનું યોગ્ય જ્ઞાનભાન કરાવો એ જ પ્રાર્થના છે.

ગાંધી આશ્રમ, સાબરમતી — **મોટા**
તા. ૧૨-૨-૧૯૫૪
'હરિજન સંતો' ચો.આ. પૃ.૪ ❑

**ગયેલા આત્માને....**

**પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહનો 'હરિવાણી' (હાલ : 'હરિભાવ') સામયિક દ્વારા સ્વજનોમાં પ્રસારનો પ્રારંભ કરનાર સદ્‌ગત શ્રી હર્ષદભાઈ શામળદાસ શાહનાં ધર્મપત્ની શ્રી સુભદ્રાબહેનનો તા. ૨૮-૨-૨૦૧૯ના રોજ અમદાવાદ ખાતે દેહાંત થયો છે.**

**સદ્‌ગત આત્માનું શ્રીહરિ સર્વ પ્રકારે યશ-કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે. - સંપાદક**

## (૨) ઉત્સવના ભોજન અંગે

**શ્રીમોટા**

....ભોજનમાં ખીચડી ને શાક કરવાનું મેં ખાસ બહુ આગ્રહ કર્યો. રમણભાઈ સાહેબને, ધીરજબહેનને કે પ્રભુ, મારું કહ્યું માનો. મારો રસ્તો તો ચીલેચલુ નથી. આ દાળભાત ને લાડવા ખાવાની વાત છોડી દો હવે. એટલા પૈસા સારાં કામમાં વપરાય અને તમે તો મને ઘણી મદદ કરો છો. એ વિશે મારે બોલવું નકામું છે. માટે, મારું કહ્યું તમે માનો. એ લોકો કહે, 'મોટા, નહિ સારું - આ ખીચડી ને શાક.' મેં કહ્યું, 'ખીચડી ને શાક જ જોઈએ.'

હું તો બધાંને મારા ઉત્સવમાં - ભવિષ્યમાં ભગવાનની કૃપાથી જે થાય તેમાં બધાંને કહું છું કે તમે જો આવો તો ભાવથી આવજો. ત્યાગ કરવાના હેતુથી આવજો. પરમાર્થ કરવાના હેતુથી આવજો. ખાલી ખાલી ફરવાના હેતુથી કે ચાલો બે-ઘડી ફરી આવીએ એ હેતુથી કોઈ ના આવશો. નહિ આવો તો ચાલશે. એક પણ માણસ નહિ આવો તો ચાલશે મને.

...એટલે મેં બહુ આગ્રહ કર્યો, કે ભાઈ તમે ખીચડી ને શાક જ રાખો અને મારું કહ્યું માન્યું એટલે હું એમનો આભાર માનું છું...

તા. ૩૦મી જાન્યુ., ૧૯૭૨ના વડોદરાના વસંતપંચમી ઉત્સવના યજમાન શ્રી રમણભાઈ અમીન/શ્રીમતી ધીરજબહેન હતાં તે ઉત્સવના પ્રવચનની ટેપ રેકૉર્ડવાણી શ્રીમોટાવાણી (૪) પ્ર.આ.માંથી સાભાર ❑

# (૩) સંત રવિદાસ

### ભારતની ઘોર નિદ્રા

ભારતવર્ષમાં પહેલાં કદીયે ન જોયેલી અને ન થયેલી એવી ધાર્મિક ઊથલપાથલો મધ્યકાલીન યુગમાં થઈ. સમય પણ એવી કટોકટીનો જ હતો. કોઈ એક મોટા એવા ભૂકંપની પૂર્વતૈયારી થઈ ચૂકી હતી. ત્યારે જે રાજાઓ હતા તે પણ પ્રજાને રંજાડતા. અવ્યવસ્થા, જુલમાટ અને ભયની નિશાનીઓ પ્રત્યેક મનુષ્યના ચહેરા પર કોતરાયેલી દેખાતી, પરંતુ આના કરતાંયે મનુષ્યના જીવન પર જે કચરો-મેલ ચઢ્યો હતો અથવા જે મલિન આવરણ છવાયેલું હતું, તે તો બધું હિસાબ વગરનું હતું. મિથ્યા કર્મકાંડ અને વહેમનું સામ્રાજ્ય જ્યાં ત્યાં બધે સ્થપાયેલું હતું. લોકહૃદયમાંથી વિશ્વાસ અને શ્રદ્ધા ઓસરવાં લાગ્યાં હતાં.

### અંધારી રાતે સંતોની દીપજ્વાલા

પણ કોણ જાણે કેમ એક જબરજસ્ત પ્રયત્ન કરી, પોતાની આળસ ખંખેરી નાખી ભારતવર્ષ એકદમ જાગૃત બની ગયો. પોતાના બળને સમગ્રપણે એણે સંગઠિત કર્યું અને ધર્મનું સાચું સ્વરાજ પ્રગટાવવા માટે તનતોડ પ્રયત્ન કરવા લાગ્યો. ધર્મના પરિવર્તનની તે હિલચાલોમાં અનેક સંતભક્તોએ કોઈ ચમત્કારભર્યો ભાગ ભજવ્યો છે. પ્રજા પ્રજા વચ્ચે જાગેલા વેરને ભુલાવી બધાંને એકરંગે રંગવાના અને એકદિલે થવાના પ્રયાસો થવા લાગ્યા. સંત રામાનંદે આમાં પહેલ કરી ગણાય. એમના પછી એમના પવિત્ર શિષ્ય કબીરે આ પ્રવૃત્તિને ખૂબ આગળ ધપાવી. શ્રીરામાનંદ એક નિર્ભય મનના, અતિપવિત્ર, ધાર્મિક, આધ્યાત્મિક, વીર પુરુષ હતા. એમના સમયમાં અનેક ધાર્મિક સંસ્થાઓમાં જે સડો અને અન્યાય પ્રવર્તતા હતા, એ જોઈ એમનું હૈયું ધગધગી ઊઠતું. કેટલીક વાર તેમને મનમાં ઉદ્વેગ પણ થતો. કબીરે જે એક નવો ધાર્મિક વર્ગ ઊભો કર્યો હતો, તે એવા કોઈ વિરોધના જુસ્સામાંથી જ જન્મ પામેલો હશે. હિંદુ, મુસલમાન, શીખ, હરિજન વગેરે સર્વ એક જ વર્ણના છે, સંસ્કારે ભલે ભેદ હોય, એવું તે માનતા અને તેનો પ્રચાર કરતા.

### શ્રીરામાનંદનો સવિનય અનાદર

સાધુઓના સામાન્ય સ્થિતિમાંના કોઈ સંઘના શ્રીરામાનંદ એક સાધુ હતા. સારાય દેશમાં ઘણે ઠેકાણે યાત્રાઓ કરી કરી, તે જ્યારે મઠમાં પાછા પધાર્યા ત્યારે મઠના બીજા સાધુઓએ વાંધો ઉઠાવ્યો કે એમણે આપણા સંઘના ઘણા નિયમોનો ભંગ કર્યો હશે. આથી, બીજા સાધુઓથી શ્રીરામાનંદને જુદા રહેવાનું ફરમાવવામાં આવ્યું. આ હુકમનો તેમણે સવિનય અનાદર કરી પોતે તે સાધુઓના સંઘમાંથી નીકળી ગયા અને નવી વર્ણપદ્ધતિ શરૂ કરી. પછી તો સારાયે ભારતવર્ષમાં એનો પ્રચાર થવા લાગ્યો.

### સંત કબીરની ધાર્મિક એકતા

એમના પછી ભક્ત કવિ કબીર થયા. જીવનમાં એ નિર્ભય થયેલા હતા. સમાજનાં ખોટાં બંધનો અને અયોગ્ય રૂઢિઓને તોડીફોડીને ભૂકો કરી નાખવા તે હંમેશાં તૈયાર રહેતા. ‘આ

સર્વ જગત પ્રભુમય છે, તો પછી આ બધા ભેદ શા !' એવા તત્ત્વજ્ઞાનનો બોધ પોતાના જીવનના વણતરમાં એમણે વણી લીધો હતો. પોતાનું આખુંયે જીવન આ મહાન કાર્યમાં તેમણે સમર્પેલું હતું. પોતાના સમગ્ર બળથી, જુસ્સાથી, ઉત્સાહથી, ખંતથી, સાહસથી, હિંમતથી, ધીરજથી તેમણે તે કામ કરવા માંડ્યું. હિંદુ, મુસલમાન, શીખ અને બીજી કોમોને એમણે પોકારી પોકારીને કહ્યું કે **'તમે એક જ સર્વવ્યાપક અને સત્યમય પ્રભુને ભજો.'** એમના પંથનો પ્રચાર ચારે દિશામાં ફેલાવા લાગ્યો. નાનકે પંજાબમાં એવા જ એક નવા ધર્મનાં બીજ વાવ્યાં. આથી, જગતમાં ધાર્મિક ઐક્યની લાગણી પ્રગટવા લાગી. પ્રજા સંગઠિત બની. વેરભાવ ઘટવા લાગ્યો. માંહોમાંહેનો કલહ ઘટ્યો અને તેમના ધાર્મિક પંથના માણસોમાં એક જાતની નવીન ધાર્મિક ઉત્સાહજનક મર્દાનગીભરી જાગૃતિ પ્રગટી. એ કોમ સંગઠિત રીતે, સહકાર બળથી, ધર્મને જ પોતાનું સર્વસ્વ સમર્પણ કરવાને હૃદયથી તત્પર રહેતી.

### શ્રીચૈતન્ય મહાપ્રભુ

આવી જ રીતે બંગાળમાં શ્રીચૈતન્ય મહાપ્રભુએ પ્રચાર કર્યો. ભક્તિનો સુલભ માર્ગ એમણે સૌને બતાવ્યો. એમની ધર્મ ભાવનામાં ઊંચ કે નીચનો ભેદ ક્યાંય ન હતો. બધાંને એકસરખો સમાન અધિકાર હતો. આ ચેતનાથી કરી બંગાળ અને ભારતનો પૂર્વ કિનારો અજ્ઞાનની ઊંઘ અને આળસ છોડી જીવનને ઘેરી રહેલા તમસને ભગાડવાને જાગી ઊઠ્યો. મધ્ય હિંદુસ્તાનમાં શ્રીરામાનંદ અને શ્રીકબીરના પ્રચારથી અનેક સંતભક્તો પેદા થયા. તેમણે પોતાના ચારિત્ર્યબળથી અને ભક્તિથી પ્રજાને વર્ણ વર્ણ વચ્ચેના ભેદ ભુલાવવામાં ખૂબ પ્રેરણા આપેલી છે.

### નીચલા થરની ગણાતી કોમોમાં પણ ધાર્મિક ચેતના

આવા ઉપર પ્રમાણેના પ્રચારથી ભારતવર્ષની નીચલા થરની ગણાતી કોમોમાં પણ ધાર્મિક જાગૃતિનું એક નવું પ્રચંડ મોજું ફેલાઈ ગયું. એમને પણ પ્રભુની સેવાભક્તિનો હક્ક છે, એમને પણ આત્મા છે, આત્માની વેલ છે, એમને ફૂલવા ફાલવાનો અધિકાર છે, અને એમનુંયે જીવન પુષ્પની પેઠે ખીલવાને માટે સમાન સંજોગો અને સમાન અધિકાર માગી લે છે. આવા પ્રકારના પ્રચારથી એમનામાં વિશ્વાસના અંકુરો ફૂટવા લાગ્યા. રેતીના રણ જેવા એમના સૂકા જીવનમાં એમને હવે કંઈક રસ પડવા લાગ્યો. જીવનમાં આનંદ છે, આહ્લાદ છે, જીવન જીવવા જેવું છે, એમ તેમણે પ્રથમ વાર જીવનમાં અનુભવ્યું. આવી નીચલા થરની ગણાતી કોમોમાંની ચમાર કોમમાં પંદરમા સૈકામાં એક એવો સાધુ પુરુષ પાક્યો કે જેનું પુણ્ય સ્મરણ ઉલ્લસિત હૃદયે પ્રેમભક્તિભાવથી આજે પણ સમાજ કરી રહેલો છે.

### સંત રવિદાસે નવી જ કોમ ઊભી કરી

આ સાધુ પુરુષનું નામ રવિદાસ હતું. એમના જીવનની કથા સાથે ઘણી ચમત્કારિક દંતકથાઓ વણાઈ ગયેલી છે. તે સાચી હોય કે ખોટી હોય, પરંતુ એ ઉપરથી એટલું તો ચોક્કસ છે કે એમના સમયમાં એ ઘણા વિખ્યાતિ પામેલા તો હશે જ.

તેમનાં કેટલાંક ભજનકાવ્યો આદિ શ્રીગ્રંથ-સાહેબમાં સ્થાન પામેલાં છે અને આ દિવસે પણ એમનાં ભજનો કાશીમાં ગવાય છે. એમ કહેવાય છે કે રવિદાસે પોતાની કોમોમાંથી એક નવીન જાતિ ઉત્પન્ન કરી હતી અને એને આચાર-વિચારથી અને ભાવનાથી શુદ્ધ બનાવી હતી. ભક્તમાળામાં શ્રીરવિદાસનું ચરિત્ર સુંદર રીતે આલેખાયેલું છે.

**શ્રીરવિદાસનો ચમારનો ધંધો**

શ્રીરવિદાસ હિંદુ જાતિમાં નીચી ગણાતી એક કોમમાં જન્મ્યા હતા. એમનો ધંધો ચામડા કેળવવાનો હતો. ગરીબ માણસને ઘેર ઊછર્યા હતા. એમના ધંધામાં તે પારંગત હતા. નાનપણથી જ રવિદાસ દૃઢ અને આગ્રહી સ્વભાવના હતા. ચામડા કેળવતાં કેળવતાં તે પ્રભુસ્મરણ કરતા અને ભજનો ગાતા.

પ્રભુને હૃદયના સાલતા દર્દથી ઘણી વાર તેઓ પ્રાર્થના કરતા અને ઘણીયે વાર તેવા ભાવની તલ્લીનતામાં લય પામી જતા. ધંધામાંથી જે કંઈ થોડોઘણો નફો મળતો, તે સાધુસંતોને તે વહેંચી આપતા.

**દુઃખમાંયે શ્રદ્ધા તથા સેવા**

પરંતુ ભાગ્યવશાત્ દેશમાં દુષ્કાળ પડ્યો. તેને કારણે આપણા આ ગરીબ રવિદાસને બહુ દુઃખ વેઠવું પડ્યું. અનેક દુઃખની પરંપરાઓમાંથી તેમને પસાર થવું પડ્યું. જીવનની આવી કટોકટીના પ્રસંગે પણ તેમણે કોઈની પાસેથી કશું લીધું નથી, ઊલટું પોતે ઘણાંનું પોષણ કર્યું છે. કેટલીક વખત એમણે જાતે ભૂખ્યા રહીને પણ બીજાંઓને જિવાડ્યા છે. પોતાના જીવનના અતિવિકટ પ્રસંગોમાં એ પ્રભુને ભૂલ્યા નથી. દુઃખની ઉત્કટમાં ઉત્કટ કસોટીએ ચઢ્યા હોવા છતાં એમનો પ્રભુ પરનો વિશ્વાસ વધારે દૃઢ અને તેજસ્વિત બન્યો હતો. પોતાનું સર્વસ્વ એમણે પ્રભુચરણે સમર્પણ કરેલું હતું.

હૃદયના સાલતા દર્દે તે વેળા તેઓ પ્રભુને પ્રાર્થના કરતા. પોતાનું પ્રત્યેક કર્મ પ્રભુને સાક્ષી રાખીને તે કર્યા કરતા. ગરીબ, ભૂખ્યા માનવ બંધુઓને નિહાળી તેમનું હૃદય કકળી ઊઠતું. પોતે જ્યારે અતિશય દુઃખથી પીડાતા ત્યારે તે પરમ કૃપાળુ પ્રભુને પ્રાર્થના કરતા કે 'પ્રભો ! એવાં તે અમારાં શાં પાપ છે, કે આવાં કારમાં દુઃખ અમારે સહન કરવાં પડે છે !' પણ પાછા ભજનો પોતાની જાતને સંબોધીને ગાતા પણ ખરા.

એમ કરીને પોતે પ્રભુચરણમાં જ્ઞાનભક્તિ-ભાવે સંપૂર્ણ રીતે સમર્પણ થઈ જવા, અને એના જ ભરોંસે પોતાની જીવનનૌકા ચલાવવા સતત હૃદયથી એકધારો પ્રયત્ન કરતા.

**એકનિષ્ઠાની કસોટી**

શ્રીરવિદાસને સાંસા પડવા લાગ્યા, ત્યારે લોકોક્તિ એમ કહે છે કે ભગવાને એક વૈષ્ણવના વેશે રવિદાસને પારસમણિ આપ્યો, પરંતુ તેમણે તે તરફ કંઈ ધ્યાન આપ્યું નહિ અને ગાવા લાગ્યા કે :-

'પ્રભુનું નામ એ જ મારે મોટામાં મોટો ભંડાર છે. કદી તે ખુટાડ્યો ખૂટ્યો નથી. દિવસે દિવસે તે વધે છે, અને ખૂબી તો ત્યાં છે કે જેમ જેમ તે ખરચીએ, તેમ તેમ તે વધે છે. મારી માલમિલકત કે લક્ષ્મી-જે કહું તે-એક શ્રીપ્રભુ પોતે જ છે, તો હવે એ માયાના પારસમણિ

પથ્થરની મારે શી જરૂર ?' એમ જાણી પેલા ચમત્કારી પથ્થરને તેમણે તો ફગાવી દીધો.

**મારે તો કૃપા જ જોઈએ છે**

તેમ છતાં પણ ભક્તો જેને પ્રાણથી પણ અધિક વહાલા છે, એવા તે પરમ કૃપાળુ શ્રીપ્રભુએ રવિદાસને સોનાનું દાન લેવાને ખૂબ આગ્રહ કર્યો, પણ તેમનું મન માનતું ન હતું. કાંચન અને કામ ભક્તના માર્ગમાં આડખીલીરૂપ છે. મારા પ્રિય પ્રભુથી મને વિખૂટો પાડે એવું તે દાન જો લઉં, તો પછી મારા જેવો ગરીબ કે જે સારાયે સમાજમાં તિરસ્કૃત થયેલો છે, તેને ક્યાં સ્થાન રહે ? ના, ના, પ્રભો ! મારે એવું કંઈ જ જોઈતું નથી. મારે તો માત્ર જોઈએ છે, એક તારી કૃપા.

**અમંગળ શંકાઓનું નિરસન**

કેટલાક દિવસ પછી શ્રીરવિદાસને અમંગળ શંકાઓ થવા લાગી અને એમના મનમાં કોઈ દૈવી કોપની ભીતિ પેઠી.

**પ્રભુદત્ત મંદિરના પૂજારી**

આખરે કોઈ દૈવી અવાજે, પ્રભુ જે દ્રવ્ય આપે છે, તે લઈ લેવા તેમને જણાવ્યું. એ દ્રવ્યથી પ્રભુનું મંદિર બનાવવાનું સૂચવ્યું. તેમણે તે પૈસાથી એક સુંદર, ભવ્ય અને કલાત્મક મંદિર બંધાવ્યું. આ મંદિરમાંના ભગવાનના તેઓ પોતે જ પૂજારી બન્યા. એ રીતે તેઓ સાધુ-સંતભક્તોમાં ખૂબ જાણીતા થયા.

શ્રીરવિદાસ કેટલીક વાર પ્રભુની ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરતા, પ્રભુને મોટા સ્વરે બોલાવતા, કેટલીક વારા ગાંડા જેવા બની જતા અને જાણે કે પ્રભુને ઠપકો ન દેતા હોય તેમ બોલતા.

આમ, તે સતત હૃદયમાં હૃદયથી વલવલાટ અને કાલાવાલા કર્યા કરતા.

એમ વારંવાર હૃદયમાં હૃદયથી પ્રાર્થના કરી કરી શ્રીપ્રભુને ગદ્‌ગદ ભાવે તેઓ વીનવતા. એમના હૃદયની ભક્તિનો ભાવ, જે જે તેમને સાંભળતા, તેમને સ્પર્શતો. એમની ફૉરમ ક્યાંય સુધી ફેલાઈ ગયેલી હતી.

**ભક્તને કષ્ટ તો પડે જ**

પરંતુ આ બધી અવસ્થાઓ સહેલાઈથી એમની એમ કંઈ પસાર થયેલી ન હતી. પ્રત્યેક ડગલે ડગલે એમને વિરોધ સહન કરવો પડતો. ઉચ્ચ ગણાતો વર્ગ એમને ઘણું ઘણું ધમકાવતો, હેરાન કરતો અને પજવતો. એમની અનેક પ્રકારે ઠઠ્ઠામશ્કરી પણ કરતો. ચમાર, તે વળી મંદિર બંધાવનાર કોણ ! અને વળી એ પાછો પ્રભુનો પૂજારી બને ! અરર ! હવે તો હડહડતો કલિયુગ આવ્યો. ધર્મનું સત્યાનાશ જવા બેઠું છે ! સમાજના ઘણાયે લોકો એમને અનેક રીતે સતાવતા. એમના પ્રત્યેક કાર્યમાં તેઓ વિઘ્ન નાખતા અને એમને આડખીલીરૂપ બનતા. એમની સાથેનો સઘળો સહકાર પણ સમાજે બંધ કર્યો હતો. તેમ છતાં પણ, લીધેલું કામ ગમે તેટલી મુશ્કેલી હોવા છતાં પણ પાર પાડવું, એવા એ મરણિયા નિર્ધારવાળા, દઢાગ્રહી સ્વભાવવાળા હતા. પ્રભુ પર એમને અપાર શ્રદ્ધા અને વિશ્વાસ હતાં, તેથી તે ડગ્યા નહિ.

**સત્યાનાશ !**

આથી, તે સ્થળના બ્રાહ્મણો, પંડિતો ખૂબ મૂંઝાયા. તેમનું કાસળ કાઢી નાખવાને કાજે કંઈક યુક્તિઓ શોધવા અને રચવા લાગ્યા. આખરે

તેમને એક ઇલાજ જડી આવ્યો. તેઓ તેમના રાજા પાસે ગયા અને ફરિયાદ કરવા લાગ્યા કે 'મહારાજા ! હવે આપણા રાજ્યનું અને ધર્મનું સત્યાનાશ વળવા બેઠું છે. એક અતિશૂદ્રે ભગવાનનું મંદિર બાંધ્યું અને વળી તે પોતે જ તેમાંના ભગવાનનો પૂજારી બન્યો છે. રાજ્યમાં હવે ભયંકર ભૂખમરો, રોગ અને મૃત્યુ એવી ત્રિપુટીનો પંજો પડવાનો, કારણ કે પવિત્ર એવા દેવમંદિરની દેવપૂજા આપણા રાજ્યમાં નીચ ગણાતી ચમાર કોમ કરે છે. હે રાજન્ ! એક ચમાર વિષ્ણુની પૂજા કરે છે, બધાંને એકઠાં કરી પ્રસાદ પણ વહેંચે છે, માટે રૈયતનાં ધર્મ અને સ્વમાન જાળવવા આપ એનો નાશ કરો.'

### ભક્તિની સાબિતી આપ

રાજાએ તેથી કરી તે સાહસિક ભક્ત ચમારને બોલાવી મંગાવ્યો. મંદિર અને તેમાંની શ્રીભગવાનની મૂર્તિ બ્રાહ્મણોને સોંપી દેવા તેને ફરમાવ્યું. શ્રીરવિદાસે જોકે નમ્રભાવે હા તો પાડી, પરંતુ તેમ છતાં રાજાએ તો તેમને ધમકાવીને કહ્યું કે, 'મોટો પ્રભુનો ભક્ત થયો છે, અને એવો ડોળ કરે છે અને એવું તું અભિમાન રાખે છે, તો હવે તે તું સાબિત કરી બતાવ. નહિતર તારું આવી બન્યું સમજજે.' ગરીબ બિચારો રવિદાસ તે વેળા બીજું તો શું કરી શકે ? પણ એણે તો પ્રભુને સાદ કર્યો.

હૃદયથી હૃદયમાં તેઓ પ્રાર્થના કરવા લાગ્યા. પ્રભુને અનેક ભાવથી કરગરી કરગરીને તેઓ પોકારવા લાગ્યા. કોણ જાણે કેમ રાજાને કોઈ અદશ્ય ચમત્કારથી શ્રીપ્રભુની પૂજા કરવાની રવિદાસની યોગ્યતા વિશે દિલમાં ખાતરી થઈ ગઈ અને તેથી એમને છોડી દીધા.

### સહુ કોઈનાં માથાં નમ્યાં

એમના જીવનમાં એક બીજો પણ એવો પ્રસંગ છે, જે બહુ અદ્‌ભુત જેવો લાગે છે, છતાં પણ તે પરથી તે કેટલા બધા લોકપ્રિય અને લોકમાન્ય હશે એની આપણને સાબિતી મળે છે. એમના સમકાલીન સંતભક્તોમાં એમનું સ્થાન બહુ ઉચ્ચ હતું. હંમેશાં તે નમ્ર રહેતા. બ્રાહ્મણ પંડિતોએ તેમને સતાવવામાં બાકી રાખેલી નહિ. છતાં મનમાં તેમના પરત્વે કદી તેમણે અણગમો આણેલો નથી. તેમને ઘણા શિષ્યો પણ હતા. તેઓમાં ચિતોડનાં રાણી પણ એક હતાં એમ કહેવાય છે. તેમના રાજ્યમાં બ્રાહ્મણ આદિ ઉચ્ચ વર્ણમાં તેથી ભારે ખળભળાટ પણ મચી ગયેલો, પરંતુ જ્યારે કોઈ એક ખાસ પ્રસંગે રાજ્ય તરફથી બ્રાહ્મણ ભોજન આપવામાં આવ્યું ત્યારે બબ્બે બ્રાહ્મણની વચ્ચે અક્કેક રવિદાસને બેઠેલા તેમના જોવામાં આવ્યા. આથી, તેઓ ખૂબ ખૂબ નવાઈ પામ્યા. શ્રીરવિદાસનું શુદ્ધ ચારિત્ર્ય અને એનાં પ્રભુ પરનાં શ્રદ્ધાવિશ્વાસ અને એમની ભક્તિ માટે એમના મનમાં ઘણો ઊંચો ખ્યાલ બેઠો.

### સંત ચમાર હોય તોપણ આપણામાં પૂજાય

એક અંગ્રેજ ઇતિહાસકાર વિલ્સન, શ્રીરવિદાસ માટે લખે છે કે-એની જીવનકથામાં વર્ણવેલા ચમત્કારો માટે આપણે ગમે તે ધારીએ, પરંતુ એની અંદર સમાયેલ અને એની અંતરબહારનો અંતરપ્રવાહ તો આપણને સ્પષ્ટ બતાવે છે કે હિંદુ કોમની નીચામાં નીચી તિરસ્કૃત જાતિમાંનો એક ચમાર સંતપુરુષ તરીકે કેટકેટલી ઊંચી કક્ષાએ પહોંચેલો હતો.

'હરિજન સંતો', ચો.આ. પૃષ્ઠ ૧૧ ❑

## (૪) સ્વામી મુક્તાનંદ પરમહંસ (૨)

અનુ. ધનસુખલાલ મહેતા

*(ગતાંકથી આગળ)*

ધારવાડ જિલ્લામાં સિદ્ધારૂઢ સ્વામીના મઠમાં સંન્યાસ અંગીકાર બાદ સ્વામી મુક્તાનંદ સને ૧૯૨૯માં સિદ્ધારૂઢ સ્વામીએ મહાસમાધિ લેતાં હુબલીથી નીકળી અનેક પવિત્ર ધામોની યાત્રા કરી અને અનેક સાધુસંતો અને સિદ્ધ પુરુષોનો સંપર્ક કર્યો. ધાવણગિરિમાં સ્વામી શિવાનંદના મઠમાં વિચારસાગર, પંચદશી, પંચીકરણ અને યોગવસિષ્ઠ વગેરે વેદાંતના ગ્રંથોનો અભ્યાસ કર્યો. વારાણસીમાં શૈવ સિદ્ધાંતોનો પણ અભ્યાસ કર્યો. તેઓશ્રી કાવ્યપ્રેમી પણ હતા એટલે જ્ઞાનેશ્વર, નામદેવ, એકનાથ, તુકારામ, સમર્થ રામદાસ વગેરે મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સંત કવિઓના અમર કાવ્યો કંઠસ્થ કરી લીધા.

સ્વામીજી મોટે ભાગે પગપાળા જ ભ્રમણ કરતા. માર્ગમાં જે કાંઈ મળ્યું તેનું જ્ઞાન સંપાદન કરતા. તક મળતાં ૮૪ આસનો શીખી લીધા અને શરીરને નીરોગી અને સુદૃઢ બનાવ્યું. આયુર્વેદનું અને ઔષધિઓનું ઊંડું જ્ઞાન મેળવ્યું. પાકશાસ્ત્રમાં પણ તેમણે નિપુણતા મેળવી.

પરિભ્રમણ દરમ્યાન સ્વામીજીને અનેકવિધ મુશ્કેલીઓ વેઠવી પડી. કેટલીક વાર રેલગાડીના રસ્તાની બાજુમાં ચાલતાં-અન્ન કે આશરાની માગણી કરતા નહિ. રાજસ્થાનમાં ભૂખના માર્યા તેમણે માટી ગાળીને પણ પીધી હતી. ભ્રમણ દરમ્યાન સંત અને શેતાન દરેક પાસેથી એમણે કંઈક સાર ગ્રહણ કર્યો. અનેક મુશ્કેલીઓ અને કષ્ટો વેઠ્યાં છતાં સ્વામીજીના અંતરનો તરવરાટ એટલો પ્રબળ હતો કે એમણે ત્રણ વખત તો સમગ્ર ભારત ખંડની યાત્રા કરી અને હિમાલયમાં પણ અનેકવાર ગયા. મહારાષ્ટ્રમાં પરિભ્રમણ દરમ્યાન સ્વામીજીએ મરાઠી ભાષા શીખી લીધી. નાસિક જિલ્લામાં યેવલા ગામ એમનો મુખ્ય મુકામ બન્યો.

**સ્વામીજી જ્યાં જતા ત્યાં નામસપ્તાહ કરાવતા.** સાત દિવસ સુધી ભક્તો ભેગાં મળીને નામધૂન કરતાં. છેલ્લે દિવસે ભંડારો થતો. બાળકોને પ્રેમથી ભેગાં કરી તેમની પાસે પણ રોજ ધૂન કરાવી સ્વામીજી પ્રસાદ વહેંચતા. પોતે પણ એકતારો લઈને ભક્તોની વચ્ચે બેસતા અને ભજન ગાતા.

સ્વામીજીએ તપોમય સાદગીભર્યું અને એકાંત જીવન પસંદ કર્યું હતું. દિવસો સુધી જંગલમાં કે ડુંગર પર જઈને રહેતા. ઔરંગાબાદ જિલ્લામાં પાટનાથી થોડા માઈલ દૂર એક ગુફામાં તેઓ રહેલા. આસપાસમાં કોઈ ગામ નહોતું. એમના ચાલીસગાંવના ભક્તો સૂકી રોટલી લઈ આવતા. તે એમને એકાદ મહિના સુધી ચાલતી. કોઈ વણઝારા દૂધ આપે તો તેઓ આ રોટલી પલાળીને ખાઈ લેતા. મહાન જ્યોતિર્વિદ ભાસ્કરાચાર્યનો આશ્રમ અહીં હતો એમ મનાય છે. મહર્ષિ ગૌતમે જ્યાં તપસ્યા કર્યાનું કહેવાય છે એવા ગૌતલા નામના સ્થાનમાં પણ સ્વામીજીએ તપ કરેલું.

નાસિક જિલ્લામાં, યેવલા પાસે એક પહાડ ઉપર સ્વામીજી રહેતા હતા. ત્યાં એક રામદાસી સાધુ પાસે એમણે તુલસીકૃત રામાયણનું પઠન કર્યું. યેવલાથી ત્રણેક માઈલ દૂર આવેલી સ્વામીજીની સુકીની સાધના કુટિર સૌથી વધુ મહત્ત્વની છે. શરૂમાં કાચી કુટિર ભક્તોએ તૈયાર

કરી પાછળથી ત્યાં પાકી કુટિર પણ બાંધી. આજે તો આજુબાજુ હરિયાળાં ખેતરો અને જમીન સુધી ઝૂકેલી શાખાવાળા ઘટાદાર પાંચ આંબાની વચ્ચે એ કુટિર પણ રમણીય લાગે છે.

સ્વામીજી ઘણીવાર ચાર મહિનાઓ સુધી છાસ, દૂધ કે લીંબુના રસ પર રહેતા. ઈશ્વરપ્રાપ્તિ માટેની તેમની બેચેની તેમને કોઈ પણ એક સ્થળે ઠરીને રહેવા ન દેતી. પરમાત્માનું શાસ્ત્રોમાંથી મેળવેલું પરોક્ષ જ્ઞાન તેમને સંતોષી ન શક્યું. તેમને તો ભગવાનનો સાક્ષાત્ અનુભવ કરવો હતો. એ કેવળ ઈશ્વરની શોધમાં હતા. એમને દૃઢ પ્રતીતિ હતી કે જે એ માર્ગે ચાલ્યા હોય તે જ આ માર્ગ દર્શાવી શકે. આ માટે તેઓ ગુરુની શોધમાં હતા. સ્વામીજી અનેક સંતો અને સિદ્ધોને મળ્યા. જેમાં જલગાંવ જિલ્લાના નશીરાબાદના ઝીપ્રુઅણ્ણા અને ઔરંગાબાદ જિલ્લામાં આવેલા વૈજાપુરના હરિગિરિ બાબા સાથે એમને ગાઢ સંબંધ બંધાયો હતો. તે દિવસોમાં સ્વામીજીને માથાનો દુખાવો થતો હતો. ઝીપ્રુઅણ્ણાએ સ્વામીજીને પોતાના ખોળામાં બેસાડ્યા અને તેમનું માથું પ્રેમથી ચાટ્યું તેમ જ આશીર્વાદ આપ્યા કે તારી કીર્તિ આકાશ સુધી ફેલાશે. હરિગિરિ બાબા સ્વામીજીને મહારાજા કહીને સંબોધતા. સ્વામીજી ખરેખર જ એક રાજયોગી છે અને મહારાજની અદાથી રહે છે.

સ્વામીજીને પંઢરપુરમાં એક દિગંબર સંત નૃસિંહ સ્વામી મળેલા. તેઓએ સ્વામીજીને બાપુમાઈ નામના સંતને મળવાની સલાહ આપેલ. બાપુમાઈ ચીંથરે વીંટાળેલી ત્રણ લાકડીઓ રાખતા. કોઈ પૂછે તો કહેતા કે, ‘એ તો સત્ત્વ, રજસ અને તમસ એમ ત્રણ ગુણને બાંધી રાખ્યા છે. તેઓ દરેકની પાસે પૈસો માગતા. સાંજે બધા પૈસા ચંદ્રભાગા નદીમાં પધરાવી દેતા અને એ પૈસા જાળવી રાખવા નદીમૈયાને પ્રાર્થના કરતા. જાણે એ જ એમની બૅંક. પોતાને કંઈક ઉપદેશ આપવા સ્વામીજીએ બાપુમાઈને પ્રાર્થના કરી, તો હસીને કહે કે, ‘જગતમાં ભગવાન વિઠ્ઠલ સિવાય કશું નથી. એ જ સર્વત્ર છે. આગળ, પાછળ, ઉપર-નીચે બધે એ જ છે. તુંય વિઠ્ઠલ છે ને હુંય વિઠ્ઠલ છું. બસ, મારે વધારે કંઈ કહેવાનું નથી. આટલું હંમેશાં યાદ રાખજે, એના પર વિચાર કરજે, એનું ધ્યાન કરજે અને પ્રત્યક્ષ અનુભૂતિ કરજે.’ હવે જા ને આરામ કર.

સ્વામીજી કાશીના અવધૂત લિંગાનંદ પાસેથી યોગની કેટલીક પ્રક્રિયાઓ શીખેલા. સ્વામીજી તે વખેત ફક્ત બાવીસ વર્ષના હતા. એ સાધુએ ચિતામાંથી બળતાં લાકડાં લીધાં અને કોઈ અગ્નિસંસ્કાર માટે લાવેલા ઘીમાંથી થોડું ઘી માગી લઈ તેમાં પૂરી અને બટાકાનું શાક રાંધી લીધાં. નવયુવાન સંન્યાસીને આ બધું બીભત્સ અને બિહામણું લાગ્યું. સ્વામીજી સ્મશાનઘાટ ઉપર બેસતા અને માનવદેહની ક્ષણભંગુરતાના વિચારોમાં ડૂબી જતા. આ અનુભવની એમનાં સંવેદનશીલ મન પર એવી ઊંડી અસર પડી કે રોજ દિવસમાં બે-ત્રણ વખત સ્નાન કરનારા સ્વામીજીએ ચાળીસ દિવસ સુધી સ્નાન વિના રહેલા.

એકવાર સ્વામી લિંગાનંદે ભંડારો કરેલો. એમાં એક ઘરડો રક્તપિત્તિઓ ત્યાં આવી ચઢ્યો. એનો દેખાવ બિહામણો હતો. એ પતિયાની પત્રાવલિમાં પડી રહેલું એંઠુ સ્વામી લિંગાનંદ ખાઈ ગયેલા અને પેલા ડોસાના ગયા પછી સ્પષ્ટતા કરેલી કે એ ભગવાન કાશીવિશ્વનાથ

પોતે હતા. બહારના રૂપરંગને મહત્ત્વ ન આપતાં જે સર્વવ્યાપી તત્ત્વ છે તેનો જ અનુભવ કરી લેવાનો એમાં બોધ હતો.

આટઆટલા સાધુસંતોને સ્વામી મુક્તાનંદ મળ્યા પણ કોઈનેય ગુરુ તરીકે એમનું મન ન સ્વીકારી શક્યું. સ્વામીજીએ જે અનુભવો મેળવ્યા અને કષ્ટો વેઠ્યાં તેનો પ્રભાવ તેમના વ્યક્તિત્વ ઉપર પડ્યો અને અધ્યાત્મજીવનનો દઢ પાયો ચણવામાં મહત્ત્વનો બની રહ્યો. ભગવાન નિત્યાનંદની કૃપા માટે સ્વામીજીને યોગ્ય પાત્ર બનાવી રહ્યા હતા. હવે ભગવાન નિત્યાનંદનું કાર્ય તેમને પરિપૂર્ણતાની ટોચે લઈ જવાનું રહ્યું હતું.

એક દિવસ સ્વામીજીએ ભગવાન નિત્યાનંદનાં દર્શને જવાનો નિશ્ચય કર્યો. તેઓશ્રી વજેશ્વરી આવ્યા અને ત્યાંથી ગણેશપુરી ગયા. ભગવાન નિત્યાનંદ જાણે કે સ્વામીજીની પ્રતીક્ષા કરી રહ્યા હોય તેમ તેઓ બોલ્યા, 'તું આવ્યો ?' ભગવાને પોતાને આલિંગન આપી ગાલ ઉપર હળવેથી ટપલી મારી હતી તે ચિત્ર તાજું થયું. આછું સ્મિત કરીને ભગવાને સ્વામીજીને સૂકા મેવાનો પ્રસાદ આપ્યો. ખૂબ રસથી સ્વામીજીએ તે પ્રસાદ આરોગ્યો. એક રીતે સ્વામીજીને લાગ્યું કે સત્યની શોધમાં ભટકતા તેમના આત્માને ભગવાન નિત્યાનંદ સ્થિર કરી શકે એવા સમર્થ ગુરુ છે. છતાંય સ્વામીજીના મનને ચેન ના પડ્યું. ભગવાન નિત્યાનંદ શાસક તરીકે ઘણા કડક હતા. જ્યારે સ્વામીજી સ્વભાવે તરલ અને બંડખોર હતા. તેઓને સમાધાન ન થયું એટલે તેઓ યેવલા પાછા પહોંચી ગયા.

સને ૧૯૪૭ના જુલાઈમાં થોડા દિવસ રહેવાના વિચાર સાથે સ્વામીજી ફરીથી વજેશ્વરી આવ્યા. મુખ્ય મંદિરની પાસે એક કુટિર બનાવી તેમાં બે-ચાર મહિના રોકાયા. હાલ એ કુટિર મરામત સાથે દત્તમંદિર તરીકે ઓળખાય છે. આ કુટિરની મધ્યમાં ઊમરાનું ઝાડ છે. સ્વામીજી રોજ નિત્યાનંદનાં દર્શને જતા. ધીરે ધીરે સ્વામીજી લોકોમાં પ્રખ્યાત થયા. ઉપરાંત, ભગવાન નિત્યાનંદનાં ચરણોમાં સ્વામીજીએ અનન્ય શરણાગતિ સ્વીકારી. આ એમના જીવનનો એક મહત્ત્વનો વળાંક હતો.

એક રાત્રે શુભ વસ્ત્રોમાં સજ્જ થયેલી એક સુંદર યુવતી મંદિરની બહાર આવતી હોય એવું દશ્ય સ્વામીજીએ જોયું. તેઓ તે યુવતીની પાછળ પાછળ અનુસર્યા. પાછળ નદીનાં પાણીમાં એ અદશ્ય થઈ ગઈ. બીજે દિવસે ભગવાન નિત્યાનંદે સ્પષ્ટતા કરી કે એ સ્વયં વજેશ્વરી દેવી હતાં. ભગવાન નિત્યાનંદે તેઓને એક શ્રીફળ આપ્યું. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ ભગવાન નિત્યાનંદે સ્વામીજીને પોતાની ચરણપાદુકાઓ આપી અને એ પહેરશે કે કેમ ? એવો પ્રશ્ન કરતાં સ્વામીજીએ કહ્યું કે એ પાદુકાઓ પોતે પૂજામાં રાખશે. સ્વામીજીએ પોતાના ઉપરણાના એક છેડામાં એ પાદુકાઓ સ્વીકારી. તે પછી ભગવાન નિત્યાનંદે ક્યાંય સુધી પંચાક્ષરી મંત્ર **'ૐ નમઃ શિવાય'નું રહસ્ય સમજાવી રહ્યા.** એ સાંભળતાં સાંભળતાં સ્વામીજી ધ્યાનસ્થ થઈ ગયા. ત્યાંથી પોતાની કુટિર તરફ પાછા ફરતાં કોઈ અજાણ્યા બળના કારણે તેઓ એક ઝાડ નીચે ઊભા રહ્યા. ત્યાં તેઓએ દિવ્ય પ્રકાશ જોયો. એ પ્રકાશમાં પોતે વિલીન થઈ ગયા. અપૂર્વ આનંદ અનુભવ્યો અને સર્વવ્યાપી સચ્ચિદાનંદ બ્રહ્મ પોતાનું સ્વરૂપ છે એવું અનુભવ્યું. ત્યાર પછી દિવસો સુધી તેઓ ધ્યાનમગ્ન અવસ્થામાં જ રહ્યા.

સને ૧૯૪૯માં ભગવાન નિત્યાનંદે સ્વામીજી માટે ત્રણ ઓરડીઓ બંધાવી. પછીના આઠ વર્ષ તેઓએ તીવ્ર સાધના કરી. તેઓએ એક વખત ભક્તોને કહેલું કે :-

'પરમાત્માને પ્રાપ્ત કરવાના ઘણા માર્ગ છે જેને સામાન્ય રીતે યોગમાર્ગ કહેવાય છે, પણ તે બધા યોગની ઉપર એક એવો યોગ છે જેનો આધાર માત્ર ગુરુકૃપા પર જ હોય છે. શાસ્ત્રમાં તેને સિદ્ધયોગ કહ્યો છે, કારણ કે તેમાં પ્રાણાયામ, યમ-નિયમ, જપ-તપ, પઠન-પાઠન, યજ્ઞ-યાગ એવા કશા જ સાધનની જરૂર નથી હોતી, પણ સિદ્ધ ગુરુની કૃપા મેળવવાની જ આવશ્યકતા હોય છે.' આ યોગને મહાયોગ પણ કહેવાય છે.

'એક દિવસ નિત્યાનંદ બાબાએ મને એક ફળ આપીને કહ્યું, તું યેવલા જા અને ત્યાં સાધના કર. યેવલામાં મારી સાધના કુટિર છે. બાબાએ આપેલ ફળના પ્રસાદને આરોગ્યા બાદ હું ધ્યાનમાં બેઠો તો ચિત્ર-વિચિત્ર અનુભવો મને થતા હતા, હું બેચેન અને ભયભીત થઈ ગયો હતો. મારું પદ્માસન સજ્જડ થઈ ગયું હતું. જીભ ગળામાં અંદર ઊતરી ગઈ હતી. બોલવાનું જાણે બંધ થઈ ગયું હતું. એક અવર્ણનીય તેજ મારા મસ્તકમાં દેખાતું હતું. એક કવિની કાવ્યપંક્તિ યાદ આવે છે : -- (કરોડો સૂર્યના તેજ જેવી જ્યોતિ હતી) અજાણતાં હું એકદમ મોટેથી, 'શ્રીગુરુદેવ' બોલી ઊઠ્યો અને એ બોલતાંની સાથે જ બધું ઠીક થઈ ગયું. યૌગિક ક્રિયાઓ બંધ થઈ ગઈ. હાથપગ છૂટા થઈ ગયા. હું ઊભો થઈને બહાર ગયો. પૂર્ણિમાના સુંદર તેજમાં બધું મનોરમ લાગતું હતું. આ બધું અઢી કલાક સુધી ચાલ્યું હતું.'

હું ભયભીત રહેતો હતો. ચિત્રવિચિત્ર અનુભવો થતા હતા. નગ્ન સ્ત્રી-પુરુષ દેખાતાં હતાં. વાઘ, ઊંટ વગેરેના અવાજો સંભળાતા હતા. મને લાગ્યું કે સંન્યાસી ધર્મથી હું વિચલિત થયો છું. સંન્યાસીનાં કપડાં એક પોટલીમાં ઝાડ ઉપર લટકાવી ઝૂંપડીમાંથી હું માત્ર લંગોટીભેર ચાલી નીકળ્યો.

નિઝામ સ્ટેટના દોલતાબાદ થઈને આગળ ચાલતાં ત્રીજે દિવસે નાગદ પહોંચ્યો. એક બગીચાના માલિકે મને આવકાર આપ્યો. મારે માટે ખીચડી બનાવડાવી. ત્રણ દિવસનો ભૂખ્યો હોઈ ખીચડીનો પ્રસાદ લીધા બાદ એક કુટિરમાં આરામ કરવાનો મારી અંદરથી અવાજ આવ્યો ઉપરાંત, કુટિરમાં એક કબાટ હતું. તે ખોલીને તેમાં રહેલ એક પુસ્તક વાંચવાનું જાણે કે મને કોઈ મારા અંદરથી બોલતું હોય તેમ લાગતું. મેં એક કબાટ ખોલી પુસ્તક લેતાં અંદરનું પાનું ખોલ્યું તેમાં યોગની જે જે પ્રક્રિયાઓ મને થતી હતી તેનું વર્ણન હતું. મારા ગ્લાનિભર્યા દિવસો બાદ મને ખાતરી થઈ કે એ પુણ્યનું ફળ છે.

હું નાગદમાં ઘણા દિવસો રહ્યો. ધ્યાન બહુ સારું થવા લાગ્યું. યોગની જાતજાતની પ્રક્રિયાઓ થતી. શરીર પણ કૃશ થઈ ગયું હતું. ક્રિયાઓ આપમેળે જ થતી હતી. મુલાધારામાં શૂળ હતું. નિત્યાનંદ બાબાને સમાચાર મળતાં તેમણે સંદેશો મોકલ્યો કે બધું ઠીક જ થઈ રહ્યું છે. ગભરાવાની જરૂર નથી. (ક્રમશઃ)

*(નોંધ : શક્તિપાની દીક્ષા મળ્યા પછીની સાધના દરમિયાન બાબાને થયેલી અનુભૂતિઓ અને દિવ્ય દર્શનનો અદ્‌ભુત ચિતાર આપતું તેઓશ્રીનું પુસ્તક 'ચિત્ શક્તિ વિલાસ' છે. સં.)*

'સ્વામી મુક્તાનંદ પરમહંસ', બી.આ. પૃષ્ઠ ૪૧ ❑

## (૫) જીવ એક મુસાફર

**શ્રીઉપાસની મહારાજ**

એમ સમજો કે આપણે આગગાડીના એક ડબ્બામાં અન્ય અનેક લોકોની સાથે બેઠાં છીએ. ડબ્બાના અન્ય મુસાફરોની હરકતો આપણે વેઠવી પડે છે. કોઈ બીડીઓ પીનારા કે આપસઆપસમાં ઝઘડનારા હોય તેમની સાથે જેને ફાવે તે તેમની સાથે બીડીઓ પીવે કે ઝઘડા પણ કરે, પરંતુ જે સજ્જન મુસાફર હોય તેનાથી આ બધું સહન ન થાય તો ડબ્બાની બહાર નજર રાખીને બહારની દુનિયા જોયા કરે અને બીજા મુસાફરો સાથે ખાસ સંપર્ક ન રાખે. કોઈક સજ્જનથી એટલો ત્રાસ પણ ન વેઠાય તો ગાડીના ડબ્બાની બહાર પાટિયા ઉપર પગ રાખીને બેસીને અંદરના મુસાફરો સાથે અલિપ્ત બને.

આ શરીરમાં જીવ એક મુસાફર છે.તેની સાથે મુસાફરી કરનારા વિષયાદિ અને કામક્રોધાદિ જે પરિવાર ભેગો થયો હોય તેનો ત્રાસ તેને વેઠવો પડે છે.ગાડીના ડબ્બામાં બેઠેલા બીજા લોકો આપણા પરિવારના નથી હોતા તે જ પ્રમાણે શરીરરૂપી ડબ્બામાં બેઠેલા છીએ અને આપણી આજુબાજુ જે અનેક પ્રકારના વિષયોનો પરિવાર હોય છે તેની સાથે આપણે કોઈ સંબંધ નથી હોતો.

બીડી પીનાર કે દારૂબાજના સહવાસમાં રહેવા છતાં કોઈક સજ્જન તે વ્યસનોમાં ફસાતો નથી. તે જ પ્રમાણે વિષયરૂપ પરિવારમાં રહેવા છતાં કોઈક તેનાથી અલિપ્ત રહી શકે છે. કેટલાક લોક ના છૂટકે એ ત્રાસ વેઠતા રહે છે. કેટલાક સમય પછી આવી અવસ્થાથી તેને કંટાળાની સ્થિતિ આવે છે. આ પ્રકારે પૂર્ણ કંટાળો આવતાં તે કહે છે કે આ વિષયરૂપી પરિવાર કાંઈ જતો નથી અને ત્રાસ થાય છે. માટે, આપણે જ દૂર થવું સારું. વિષયોના ત્રાસને હટાવવાનું સામર્થ્ય ન હોય તો ધર્મશાળા જેવા આપણા શરીરમાં વિષયોનો પ્રવેશ તો થવાનો જ. **આ સ્થિતિમાં કોઈ એકાદ ગુરુ મળે તો તેમના દ્વારા ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યાદિ સાધનોથી તે વિષયોથી અલગ રહેવાની વિદ્યા શીખે છે.** તે વિદ્યા સાધ્ય થાય તો તે શરીરરૂપી ડબ્બામાં રહીને પણ તે ગંદા વિષયો ગમે તેટલા પાસે હોય તોપણ તે ડબ્બાની બહાર રહેતા તેને હવે આવડે છે, પરંતુ તે ડબ્બાને છોડીને રહી શકતા નથી. જેમ કે ગાડીના બહારના પાટિયા ઉપર ઊભો રહેવા માટે તે ગાડીનો આધાર છોડી શકતો નથી. શરીરરૂપી ડબ્બાનો માત્ર આધાર તરીકે ઉપયોગ કરીને જગતની અંદરનું અને જગતની બહારનું દૃશ્ય જોવાનું સામર્થ્ય તેને ગુરુકૃપાથી આવે છે.

ગાડીને ગતિ હોય છે તેના આધારે જુદાં જુદાં દૃશ્યો જોઈ શકાય છે. **કોઈ પણ અનુભવ લેવા માટે કોઈ પણ જાતની ગતિની જરૂર પડે છે. ગતિ એટલે ક્રિયા કરવાનો પ્રવાહ.** આપણી શરીરરૂપી ગાડીને પણ ગતિ હોય છે અને તેમાં આપણે બેઠેલાં છીએ. આપણે કોઈ પણ અનુભવ લેવા જ ન હોય તો ગાડી ભલેને ચાલે આપણે ઊતરી જઈએ એટલે બસ આ દેહાતીત સુખનો અનુભવ છે. અર્થાત્ શરીરરૂપી ગાડીનો આધાર છૂટ્યો. આ પછી પણ જો જગતનું અને જગતની બહારનું દૃશ્ય જોવાની એને જરૂર પડી તો તેની પાસે

ગુરુકૃપાનું લાઈસન્સ હોય જ છે. તેથી તે ફરીથી પાછો પોતાના દેહભાન ઉપર આવે છે. આમ જરૂર પૂરતા જગતની બહાર જવું આવવું એ પણ થોડી વાસના અને દેહરૂપ સાધન હોય છે તેથી થાય છે, પણ જો કોઈ જ વ્યવહાર રહ્યો ન હોય એટલે કે પૂર્ણ નિર્વાસન અવસ્થા થયા પછી અર્થાત્ સ્થૂળ દેહનું કામ ન હોવાથી સ્થૂળ દેહ પડી જાય છે. અને તે મુક્ત થઈ નિરંતર આત્માનંદમાં નિમગ્ન રહે છે. તોપણ જગતના કલ્યાણ માટે તેને જગતમાં આવવાનો જો વારો આવ્યો તો તે ગર્ભવાસમાં રહીને શરીર ધારણ કરતો નથી. એટલે કે નવી ગાડી બનાવતો નથી. બીજાની ગાડીઓ તૈયાર હોય છે તે લઈને તે પ્રવાસ કરે છે. એટલે કે કોઈના પણ શરીરમાં પ્રવેશ કરે છે. જેનું શરીર લીધું હોય તેમાં તેનું કાર્ય પૂરું થાય ત્યાં સુધી રહે છે. તે સમર્થ હોય છે, એટલે જેના શરીરમાં પ્રવેશ કર્યો હોય તે શરીરમાંના જીવને પણ પોતાના જેવી બ્રહ્મસુખની બક્ષિસ આપે છે.

આ રીતે જુદા જુદા પ્રકારના સજ્જનોને કર્મધર્મ સંયોગથી આ જગતનો કંટાળો આવતાં ગુરુકૃપાની સહાય મળે તો તેને દેહાતીત અવસ્થા આવે છે.

'શ્રીઉપાસની વાક્સુધા', ભાગ-૪,
પ્ર. આ., પૃ. ૧૪૭ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | પૂજ્ય શ્રીમોટાના સ્વજન પરિવારના ટ્રસ્ટ દ્વારા જ્ઞાનદાન | સુરત | ૧૧,૧૧૧/- |
| ૨. | રેક્સ ઈન્સ્ટ્રુમેન્ટસ, સદ્‌ગત પિતાશ્રી નવનીતલાલ સાંકળચંદ ભલાવતના સ્મરણાર્થે (દેહાંત તા.૨૪-૩-૧૮) હસ્તે શ્રી અતુલભાઈ, શ્રી લોમેશભાઈ અને શ્રી જિગરભાઈ | વડોદરા | ૫,૦૦૦/- |
| ૩. | વર્ષાબહેન બી. મહેતા | વડોદરા | ૫,૦૦૦/- |
| ૪. | રમેશચંદ્ર એમ. શાહ | અમદાવાદ | ૩,૦૦૦/- |
| ૫. | વૈકુંઠરાય એસ. સોની | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૬. | કિરીટભાઈ સરૈયા : ધર્મપત્ની શ્રીમતી તરુબહેનના જન્મદિન (૧૦-૩) નિમિત્તે | મણિનગર | ૧,૧૧૧/- |
| ૭. | પ્રકાશભાઈ બી. તાસકર | ગાંધીનગર | ૧,૧૦૦/- |
| ૮. | પૌત્રી ચિ. દિવ્યતાના જન્મદિન (૨૮-૨) નિમિત્તે હસ્તે વીણાબહેન મહીડા | રાજપીપળા | ૧,૦૦૦/- |
| ૯. | આનંદકુમાર વિપુલભાઈ ડીકવાલા | સુરત | ૧૦૦૦/- |
| ૧૦. | વાસંતીબહેન નરેન્દ્રભાઈ ભગત | સુરત | ૫૦૦/- |
| ૧૧. | હિનાબહેન હસમુખરાય પારેખ | નાસિક | ૫૦૦/- |
| ૧૨. | ધર્મિષ્ઠાબહેન શરદભાઈ ડૉક્ટર | સુરત | ૨૦૧/- |
| ૧૩. | હંસાબહેન મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |
| ૧૪. | પ્રમોદભાઈ મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |
| ૧૫. | પરભુભાઈ આર. પટેલ | લવાછા | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**

## (૬) હિમાલયમાં દિવ્યાનંદ : (૫)

શ્રીદાસાનુદાસ

*(ગતાંકથી આગળ...)*

પદાર્થોને આપણે જડ કહીએ છીએ. પ્રાણીઓને આપણે ચેતન કહીએ છીએ. આ રીતે પ્રાણી અને પદાર્થોના બનેલા જગતમાં આપણે રહીએ છીએ. આપણે પણ પ્રાણી છીએ. પ્રાણી એટલે પ્રાણતત્ત્વના આધારથી જીવંત રહેનારા. તેમાં પણ આપણે માનવ છીએ. માનવ એટલે મનની સત્તા તળે જીવંત રહેનારા. તેમાં પણ આપણે બુદ્ધિવિશેષ જીવ છીએ. તેથી આપણે જીવન જીવીએ છીએ.

જીવન એટલે વિવિધ પ્રસંગોની હારમાળા. જીવમાત્ર જન્મમૃત્યુને પામે છે. વારે વારે દેહ બદલે છે. દેહને લગતા સ્નેહીસગાં તેમ જ શત્રુમિત્ર પણ દરેક જન્મે બદલાયા જ કરે છે. એ રીતે એક જીવ અન્ય ઘણા જીવો સાથે સહવાસમાં આવતો હોય છે અને ઘણા પ્રસંગોમાંથી પસાર થતો હોય છે. તેમ જ તે કારણે વિવિધ જાતનું જ્ઞાન આ લોકમાં જન્મવું મરવું બંધ કરીને, દેવલોકમાં અસ્તિત્વ ધરાવે છે. આ રીતે જીવ મટી તે દેવ બને છે. દેવલોકમાં ફક્ત તેજ, વાયુ અને આકાશ નામનાં ત્રણ તત્ત્વો છે અને એ ત્રણ તત્ત્વોથી જ દેવનો દેહ બનેલો હોય છે.

જીવનો દેહ પાંચ તત્ત્વોથી બનેલો છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. પૃથ્વી અને જળ તત્ત્વમાંથી આપણું બહારનું સ્થૂળ શરીર બનેલું છે. તેમાં હાડકાં, માંસ, લોહી અને ચામડી મુખ્ય હોય છે. તેજ તત્ત્વથી આપણું અંદરનું સૂક્ષ્મ શરીર બનેલું છે. તેમાં મનબુદ્ધિ મુખ્ય છે. વાયુ તત્ત્વથી આપણું કારણ શરીર બનેલું છે. તેમાં ચિત્ત મુખ્ય છે. અને આકાશ તત્ત્વ આપણું મહાકારણ શરીર બનેલું છે. તેમાં અહમ્ મુખ્ય છે. અહમ્ એટલે 'હું' પણું. તેનું સ્થાન ચંદામૃતમાં તાળવાની ઉપર અને લલાટના ઊંડાણમાં આવેલું છે.

ચિત્તનું સ્થાન લલાટમાં આવેલું છે. તેમાં વૃત્તિઓનો જથ્થો રહેલો છે. તે વૃત્તિઓને પોષણ આપનાર ચેતના છે અને તે વિચારોને પોષણ આપનાર પ્રાણ છે. મનનું સ્થાન નાભિમાં આવેલું છે. તેમાં મનન કરવાની ખૂબ તાકાત છે અને તેને શ્વાસોચ્છ્વાસ દ્વારા પોષણ મળે છે. આ રીતે મન, બુદ્ધિ, વિચારો, શ્વાસ, મનનશક્તિ અને પ્રાણ આ બધું મળીને સૂક્ષ્મદેહ કહેવાય છે.

અનેક ઈચ્છાઓને વશ થઈને આપણું જીવન સર્જાયેલું હોય છે અને તે બધી જ ઈચ્છાઓ વહેલી-મોડી ખપાવવાની જ હોય છે. કેટલીક જૂની ઈચ્છાઓ ખપે છે, જ્યારે કેટલીક નવી ઈચ્છાઓ પ્રગટ થાય છે. આ દેહે કરીને જે ઈચ્છાઓને નથી ખપાવી શકતાં તે ઈચ્છાઓનો નવો દેહ ઘડાય છે. એમ અનેક દેહે કરીને અનેક જાતની ઈચ્છાઓ ખપાવતાં ખપાવતાં છેવટે જ્યારે આલોકને લગતી ઈચ્છાઓ ખપી જાય છે અને પરલોકને જોવા, જાણવા અને માણવા બાબતની જ ઈચ્છાઓ શેષ રહે છે ત્યારે આપણે જીવ મટીને દેવ

બનીએ છીએ અને આલોક છોડીને પરલોકમાં રહીએ છીએ.

જીવનનો મુખ્ય ધ્યેય આનંદની પ્રાપ્તિનો હોય છે. આનંદ બે જાતના હોય છે (૧) ક્ષણિક અને (૨) કાયમી.

જગતના પ્રાણી, પદાર્થો અને સાનુકૂળ પ્રસંગોની પ્રાપ્તિથી જે આનંદ પ્રાપ્ત થાય છે તે આનંદ ક્ષણિક કહેવાય છે અને પોતે પોતામાં સ્થિર થતાં થતાં દેહને અને મન બુદ્ધિને ભૂલી જઈને ચિત્તમાં દૃષ્ટિ સ્થિર કરીને ચેતનાને જોવા-જાણવા ઓત પ્રોત થવાથી જે જાતનો આનંદ મળે છે તેને કાયમી આનંદ અથવા આત્માનંદ કહેવાય છે. ૐ

ચિત્ત એ ચેતનાની નજીકનો ચેતનાનો જ એક ભાગ છે અને તે વર્તમાનકાળમાં જ સ્થિર રહે છે. વર્તમાનમાં જે કાંઈ બનતું હોય તેને જોયા કરે અને એ રીતે જીવને સહેજે સહેજે આનંદ મળતો હોય છે.

ચિત્તનાં બે પડખાં છે (૧) મન (૨) બુદ્ધિ. મન એ ભૂતકાળનું મનન કરે છે જ્યારે બુદ્ધિ ભવિષ્યકાળના વિચારો કરે છે. આ રીતે મન-બુદ્ધિના તર્ક વિતર્કોએ કરીને જીવને સહેજે સહેજે થાક લાગે છે અને અંતે ઉદ્વેગમાં અટવાય છે.

શરીરને સ્થિર કરવું. મનબુદ્ધિને શાંત કરવાં. દૃષ્ટિને અંતર્મુખ કરીને ચિત્તમાં જોડી દેવી અને આત્માનો આનંદ પામવો. ૐ

આપણા જીવનનો મુખ્ય આધાર શ્વાસોચ્છવાસ ઉપર છે. જો ગયેલો શ્વાસ પાછો દેહમાં ન આવે તો દેહને બાળી મૂકે. જીવન મૃત્યુમાં ફેરવાઈ જાય. આવો જે શ્રેષ્ઠ જીવનદોર સમો શ્વાસોચ્છવાસ તેમાં સતત ધ્યાન રાખવું. જ્યારે જ્યારે ફુરસદ મળે ત્યારે ત્યારે શ્વાસોચ્છવાસમાં જોડાઈ જવું. ૐ આનંદ આનંદ આનંદ.

**મળેલા જીવો જ અનેક જન્મો સુધી એકબીજાને મળે છે અને પરસ્પર એકબીજાની ભાવનાઓ ખપાવે છે.** સજાતીય જીવો સજાતીય જીવોને જ મળે છે. જ્યાં સુધી કોઈપણ બે જીવોના અંતઃકરણમાં એક જાતની ભાવનાઓનો ઉદય હોય ત્યાં સુધી તે બે જીવો એકમેકની નજદીક હોય છે. કદાચ દેહે કરીને તે બેની વચ્ચે દૂરપણું હોય તોપણ ચિંતવનથી તો તે બન્ને જીવો સૂક્ષ્મ રીતે નજીકપણું જ અનુભવતા હોય છે. ૐ આનંદ.

સાત્ત્વિક જીવોને સાત્ત્વિક જીવો મળે અને તામસીને તામસી મળે. કદાચ કોઈકવાર સાત્ત્વિકનો તામસીનો ભેટો થઈ જાય તો તે થોડા ટાઈમ પૂરતું તે સાત્ત્વિક જીવાત્માના અંતઃકરણમાં તામસીપણાનો ઉદય થયેલો હોય છે અને કદાચ એમ ન હોય તો માનવું કે જૂનાં લેણદેણનો એ પ્રકારે ઉદય થયો. ૐ

તામસ પ્રકૃતિમાં રહીને ગત જન્મના બંધાયેલા લેણદેણ ખપાવવા માટે આ જન્મે સાત્ત્વિકતાએ યુક્ત જીવન જીવતો હોવા છતાં પણ તે જીવાત્માએ તામસ પ્રકૃતિમાં આવવું પડે છે.

ઈશ્વરી આનંદ પ્રાપ્તિ માટેનાં મુખ્ય મુખ્ય પગથિયાં : (૧) સહનશક્તિ (૨) સમજશક્તિ (૩) આત્મશક્તિ (૪) આત્મદૃષ્ટિ અને (૫) આત્મદર્શન.

'હિમાલયમાં દિવ્યાનંદ', પ્ર.આ. પૃ.૪૦ ❑

## (૭) સંત તુકારામ

**ભાલચંદ્ર નેમાડે**

*(સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના સહયોગથી ગુજરાતી સાહિત્ય પરિષદે સને ૨૦૦૩માં શ્રી ભાલચંદ્ર નેમાડે લિખિત 'તુકારામ'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન કરેલ છે. આ સર્વ પ્રત્યે આભારની ભાવના વ્યક્ત કરીને આ સંકલન પ્રકાશિત કરાયું છે. સંપાદક)*

તુકારામના જીવન વિશે પારંપરિક માહિતી અને દંતકથાઓ એવી તો ભેળસેળ થઈ ગઈ છે કે તેમાંથી તેમના જીવ વિશેની આધારભૂત માહિતી કોઈ પણ રીતે જુદી તારવવાનું કામ સહેલું નથી. આધુનિક સંશોધનોને આધારે સામાન્ય રીતે માનવામાં આવે છે કે ઈ.સ. ૧૬૦૮માં પૂણે નજદીક ઈન્દ્રાણી નદીના કિનારે વસેલા દેહુ નામના ગામમાં તુકારામનો જન્મ થયો હતો. એ પ્રતિષ્ઠિત કુટુંબ પાસે ૧૫ એકર સિંચાઈવાળી જમીન (ઇનામમાં) મળી હતી. તેમના ઘરની પાસે આવેલા વારસાગત ખેતરમાં વિઠ્ઠલનું મંદિર હતું. અઠવાડિક બજારમાં કરિયાણાની દુકાન ઉપરાંત નાણાંના ધીરધારનો થોડોક ધંધો હતો.

તુકારામનાં પિતા બાલ્હોબા અને માતા કનકાઈને ત્રણ દીકરા અને બે દીકરીઓ હતાં. તુકારામ તેમનો બીજો દીકરો હતો. તુકારામ પોતાની જાતને કણબી (ખેડૂત) કહેતા હતા. એ સમયે બ્રાહ્મણવાદની શ્રેણી વ્યવસ્થા પ્રમાણે બ્રાહ્મણો સિવાયના બીજા બધા લોકોને શૂદ્ર કહેવામાં આવતા હતા. તુકારામનો પરિવાર સાત પેઢીઓથી વિઠ્ઠલના ભક્તો હતા.

તુકારામ માંડ ૧૭ વરસના હતા ત્યારે તેમનાં માતા અને પિતાનો દેહાંત થયો હતો. તે અગાઉ તેમનું લગ્ન રૂખમા સાથે થયાં હતાં. તેમને સંભાજી નામે પુત્ર હતો. રૂખમાને દમનો રોગ હતો એટલે તુકારામે જીજાબાઈ સાથે બીજાં લગ્ન કર્યાં હતાં.

તુકારામના મોટા ભાઈ સાવજી ધાર્મિક વૃત્તિના હતા. તેમની પત્ની મૃત્યુ પામી ત્યારે તેમણે દીક્ષા લીધી અને ફરીથી ક્યારેય ઘેર આવ્યા નહોતા. આમ, ઉપરાઉપરી આવેલી આફતોએ તુકારામના જીવનના સુખનો સમયગાળો ટૂંકાવી દીધો અને તેમના ખભા ઉપર કુટુંબના જીવનનિર્વાહની જવાબદારી આવી પડી. ખેતી, નાનો વેપારધંધો અને નાણાં ધીરધારની જવાબદારીમાં તેમનો જીવ વેપારધંધામાં ચોંટતો નહોતો. એટલે તેમાં નિષ્ફળ ગયા. દગાબાજ માણસોએ નાણાકીય નુકસાન પહોંચાડ્યું. તેમની પત્ની જીજાબાઈને આથી ખૂબ માઠું લાગતું અને તેમને ભારે ગુસ્સો ઊપજતો હતો. ૧૬૨૯ના વરસના અરસામાં ભયંકર દુષ્કાળ પડ્યો અને પછી કૉલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો. આવા ભયાવહ સમયની તુકારામ જેવા ઠીકઠીક સુખી અને સંવેદનશીલ યુવકના મન ઉપર જે અસર થઈ હશે તે વર્ણવી શકાય તેમ નથી. તેમણે નોંધ્યું છે કે 'પ્રભુ માનવતા જાતે જ મરી પરવારી છે.... આવું જોવાનું મારાથી સહન થતું નથી.'

તુકારામની આવી અસહ્ય પરિસ્થિતિમાં તેમના સસરાએ ઘરસંસાર ચલાવવા માટે થોડીક મદદ કરી પણ એ નાણાં પણ પૂરાં થયાં. તેમનાં પ્રથમ પત્ની રૂખમા ભૂખમરાથી મૃત્યુ પામ્યાં. મરણપથારીમાં તે 'અન્ન' 'અન્ન' માટે વલખાં મારતી વિલાપ કરતી હતી, એમ તુકારામે પશ્ચાત્તાપરૂપે પાછળથી નોંધ્યું છે. સંવેદનશીલ તુકારામ આવી યાતનાઓ સ્વીકારી કે સહન કરી શકે તેવા નહોતા. અનેકના મૃત્યુ, નાદારી, ગરીબાઈ, બેઆબરૂ અને તેજોભંગ વગેરેના કારણે ત્રાસીને તેઓ આત્મચિંતનમાં દિનપ્રતિદિન વધારે તલ્લીન થયા. તેમણે જે વેદનાઓ ભોગવી તેની અભિવ્યક્તિ અભંગોમાં કરી છે. જેમ કે

*'કુટુંબીજનોની સેવાચાકરી કરતાં*
*સંસારના તાપથી હું શેકાઈ ગયો છું.*
*પ્રભુ, તેથી યાદ કરું છું તારાં ચરણોને*
*મારી મા, પાંડુરંગ આવ મારી પાસે.'*

વળી, કેટલાક અભંગોમાં તેમણે કહ્યું છે કે તેઓ નાદાર બન્યા, દુષ્કાળમાં દુઃખી થયા, પત્ની કર્કશા છે, ઢોરઢાંખર ખોયાં વગેરે મારા માટે સારું જ થયું છે. તેના કારણે સંસારનું વમન થઈ ગયું છે અને જિંદગીની જંજાળમાંથી નીકળીને પ્રભુના શરણમાં જવાયું છે. આવા આત્માને ધ્યાન, ચિંતન કરવાની સ્વાભાવિક ઈચ્છા માટે શાંત અને એકાંત જગ્યા તરીકે ગામની નજીક આવેલી ટેકરી પરના 'ભાવનાથ' તેઓ ગયા. આ જગ્યાનું વર્ણન કરતાં જે અભંગો રચાયા છે તેમાં તેઓએ લખ્યું છે કે, 'વૃક્ષ, વેલી અને પ્રાણી સ્વજન બન્યાં છે. આનંદથી એકાંત વહાલું લાગે છે, આકાશ મંડપ છે અને પૃથ્વી આસન છે અને મન સંવાદ કરે છે મન સાથે, સ્વની સાથે ચર્ચા કરે છે સ્વ.'

આ પ્રકારની મનની અવસ્થામાં તુકારામને લાગવા માંડ્યું કે પોતે આ દુનિયામાં પરાયા છે. ભક્તિ તેમની એકમાત્ર પ્રવૃત્તિ બની ગઈ. કજિયાખોર પત્ની જીજાબાઈની પજવણીઓને વર્ણવતાં તેઓએ લખ્યું છે :

**'તુકા કહે છે સારી વાતો ગમતી નથી ફૂવડને**
**મારા સંત પરોણાની પૂંઠે પડે છે હડકાયા શ્વાનની જેમ.'**

તુકારામ ઉપર નામદેવ તેમ જ જ્ઞાનેશ્વર, કબીર અને એકનાથ જેવા સંતકવિઓની રચનાઓનો ખૂબ પ્રભાવ હતો. ગીતા પ્રત્યે તેઓ આકર્ષિત થવા લાગ્યા. સનાતનીઓ માનતા હતા કે વેદો જ હિંદુ ધર્મનો એકમાત્ર પવિત્ર ગ્રંથ છે. તુકારામને ગીતા વાંચતા જોઈને તેમના પિતાએ માર માર્યો હતો. છતાં ચોરીછૂપીથી તેમણે ગીતા વાંચી હતી. તેમણે ગીતાનો મરાઠીમાં અનુવાદ કર્યો. ગીતાનો મુખ્ય ઉપદેશ છે કે અનાસક્ત કર્મોથી જ 'મુક્તિ' મળી શકે છે. આ અનુવાદનું તેમણે 'મંત્રાગીતા' તરીકે નામકરણ કર્યું. સનાતનીઓને તુકારામની હયાતી ત્રાસદાયક જણાવા લાગી.

૧૬૪૦ના અરસામાં બાબાજી ચૈતન્ય નામના યુગપુરુષે તુકારામને ચૈતન્ય સંપ્રદાયની દીક્ષા આપી. તેઓ નોંધે છે કે 'સદ્‌ગુરુ બાબાજીની કૃપાથી તૂટી ગયાં બધાં મારા બંધનો' દીક્ષા વિશે તેઓ આ રીતે અભંગમાં વર્ણન કરે છે :-

'મૂક્યો મારા માથા પર હાથ, થયો સાક્ષાત્ પરમાનંદ, અંકિત થયો મનમાં સાક્ષાત્કાર, આપી મુદ્રા પરમાનંદની, પ્રત્યક્ષ થયો સંપૂર્ણ સુંદર પ્રકાશ, નીલ, રક્ત, પીત અને શ્યામ વિવિધ રંગો મટી રહ્યા, પછી ખરી પડ્યા બધા જ રંગો, બન્યું બધું નિઃરંગ, રહ્યું નિર્મળ નિજ તેજ.'

૧૬૪૫ના અરસામાં તુકારામને કઠણ કસોટીનો સામનો કરવાનો વખત આવ્યો. તેમનો ગીતાનો અનુવાદ અને અભંગો લોકપ્રિય થઈ રહ્યા હતા. બ્રાહ્મણો ચિડાયા હતા. તેમનો વિરોધ વધી રહ્યો હતો. હાથમાં કરતાલ સાથે ગવાતા કીર્તનના લયને લીધે એક અનોખા વાતાવરણનું નિર્માણ થતું હતું. અભણ સ્ત્રીઓ અને નાતજાતના ભેદ વિના સૌ કોઈની ભીડ જામતી હતી. તુકારામની ખ્યાતિ ચારેકોર ફેલાઈ અને તેમનું કીર્તન સાંભળવા માટે દૂરદૂરથી વિઠ્ઠલભક્તો દેહુ આવવા લાગ્યા. રામેશ્વર ભટ્ટ નામના એક વિદ્વાન બ્રાહ્મણ તુકારામની પજવણીની ઝુંબેશના આગેવાન હતા. તુકારામે ધૈર્યપૂર્વક બધું સહન કર્યે રાખ્યું. કહેવાય છે કે તુકારામની ગાયને માર મારીને મારી નાખવામાં આવી હતી. તુકારામને પણ મારવામાં આવ્યા હતા અને છેવટની શિક્ષા તરીકે જ્ઞાતિ બહાર પણ મૂકવામાં આવ્યા હતા. છેવટે રામેશ્વર ભટ્ટે તુકારામને આદેશ કર્યો કે 'તારા પોતાના હાથે, તેં લખેલા અભંગો લઈ જઈને નદીનાં જળમાં ડુબાડી દે.'

તુકારામને આવી બેહૂદી માગણીથી આઘાત લાગ્યો. પોતે નિઃસહાય છે એથી તેમને લાગી આવ્યું. તેમની સામે દીવાની દાવો દાખલ કરવામાં આવ્યો. તેમનાં લખાણો ઉપર પ્રતિબંધ મૂકવા ગામના પાટીલને આખરે સમજાવવામાં આવ્યા હતા. તેઓ કઠોર કસોટીનો સામનો કરવા તૈયાર થયા. ખૂબ નમ્રભાવે તેમણે કહ્યું, 'વિઠ્ઠલ મારું રક્ષણ કરશે.' ઈ.સ. ૧૮૪૬ના અરસામાં જળ-દિવ્ય તાવણીની આ ઘટના બની. તે સમયે તુકારામની વય ૩૭ વરસની હતી. તેઓ મૂંગા અને શાંત થઈ ગયા. તેર દિવસો અનશન કરી, ધ્યાન ધરી પરમાત્માની સહાય માટે યાતના, પ્રાર્થના કરતા રહી માનસિક ધૈર્ય સંપાદિત કર્યું.

જાણે ચમત્કાર થયો હોય તે રીતે તેર દિવસો પછી તેમના કાગળો નદીનાં પાણી ઉપર તરવા લાગ્યા. આ અદ્‌ભુત સમાચાર ચારેબાજુ ફેલાઈ ગયા. હવે દિવ્ય વિભૂતિ તરીકે તુકારામની ગણના થવા લાગી. તેમના અભંગોની પંક્તિઓ પેઢીઓ સુધી પવિત્ર બની રહી. લોકો તેમને 'અવતારી પુરુષ' સમજતા હતા. પણ તેમણે એ વાતને કેવળ તુચ્છ ગણી હતી. એવી પ્રશંસાથી અભિમાન આવે અને એ ભગવાનથી દૂર કરે એવી તેમની સમજ હતી.

તુકારામ માનવજાતિમાં રસ ધરાવનાર, માનવીય ગુણોવાળા હતા. પ્રાણીમાત્રનું ભલું કરવાની ઈચ્છા ધરાવતા. તેમના ધ્યાન ધરવાના સ્થળની નજીક એક ખેતર હતું. એ ખેતરના માલિકે ખેતરના તૈયાર થતા પાકની રખેવાળી કરવાની અને તે માટે ચોક્કસ વળતર

આપવાની વાત નક્કી કરી હતી, પરંતુ પક્ષીઓને ઉડાડી મૂકવાના કામને બદલે તેઓ નામસ્મરણમાં તલ્લીન થતા. પક્ષીઓ પણ પરમાત્માએ પેદા કરેલા જીવો છે એમ માની પક્ષીઓને નિરાંતે ચણવા દીધા. ખેડૂતે પંચાયતમાં ફરિયાદ કરી પણ પાકનું વજન કરતાં ખેડૂતની ધારણા કરતાં વધારે પાક ઉત્પન્ન થયાનું સાબિત થયું. એ વધારાનો પાક પંચાયત તુકારામને આપવાનું કહ્યું જેનો નમ્રતાપૂર્વક તેમણે ઈન્કાર કર્યો.

તુકારામના નિર્વાણને લગતી વિગતો અસ્પષ્ટતાઓમાં લખાયેલી છે. ઈ.સ. ૧૬૫૦માં તુકારામ તેમના અભંગો ગાતાં ગાતાં અદૃશ્ય થઈ ગયા હતા. એમ ઘણા માને છે. પરમાત્મા રથ લઈને કેવી રીતે તેમને તેડવા આવ્યા હતા તેની વિગત તેમના એક અભંગમાં છે. કેટલાયે તેમના શિષ્યોએ આ ઘટના સાચી હોવાનું કહ્યું છે. આવી બાબતોમાં સાચી ઐતિહાસિક કસોટી કરવાનું અશક્ય છે. કેટલાક વિદ્વાનોનું કહેવું છે કે તેઓ નજદીક આવેલી નદીમાં ડૂબી ગયા હતા. એક અભંગમાં તેઓ લખે છે :- 'જોયું છે સગી આંખે મારું મરણ, હતો ખરેખર એ અનુપમ ઉત્સવ, છવાઈ રહ્યા આનંદથી ત્રણે લોક, વૈશ્વિક આત્મા તરીકે થયો પરમાનંદ, અહમ્‌થી અટવાયો હતો એક જ દેશમાં થયો છુટકારો, પામ્યો પૂર્ણત્વ. પૂરા થયા જન્મમરણના સૂતક, દૂર થયા બધા સંકોચ, બન્યો મુક્ત.'

તુકારામના અભંગો વ્યાપક પ્રમાણમાં લોકપ્રિય અને પ્રચલિત બન્યા છે. અભંગોની નવી નવી આવૃત્તિઓ, સંસ્કરણો, સંકલનો વગેરે આજે પણ સંખ્યાબંધ પ્રમાણમાં થતાં રહે છે.

**કેટલાક અભંગો**

મને બનાવી દે ઘરબાર વિનાનો નિર્ધન, નિઃસંતાન
જેથી તને યાદ કર્યા કરું.

મારા કરતાં અધિક પાપી બીજો કોઈ હોઈ ન શકે.

ભયાવહ હોવા છતાં સંસાર છોડી શકાતો નથી.

આવે છે મને શરમ દાસ તારો કહેવડાવવામાં-
તું છે કઠોર, નિર્દય. રડવા દે છે તારાં સંતાનોને ભૂખથી

તારું નામ છે, મારી તપશ્ચર્યા
મારો ધાર્મિક ઉપહાર
કૃપા માટેની આરાધના
તારા પવિત્ર નામનું કીર્તન
એ છે મારો મોક્ષ.
પ્રતિજ્ઞાપાલન મારું સત્ય
કર્મ, ધર્મ અને ક્રિયાકાંડ બધું જ
તારું નામ છે.

મારી સાધના, મારું સમર્પણ, ચિંતન, કૌટુંબિક વિધિઓ અને જ્ઞાતિ આધારો બધું જ તારું નામ છે.

મારા વિચારો, આચરણ, સંકલ્પ અને

સઘળું તારું નામ છે. **તુકા કહે છે; બધું સમાયું છે તારા નામમાં.**

ભુંસાઈ ગયો ભેદ દ્વૈત-અદ્વૈતનો લોપ થયો
સ્થળ, કાળ, દ્રવ્ય સૌનો આત્માએ ધારણ કર્યું
વિશ્વરૂપ 'શબ્દ' કદી નહોતો, છે કેવળ પરબ્રહ્મ
જ્ઞાન થયું 'સોહમ્'નું

અમે માગી શકીએ એવું કંઈ જ નથી
તારી પાસે-
પ્રભુ, તું ગભરાય છે શા કાજ ?

નીંદર માટે ઉત્તમ પાષાણનું પાગરણ
ઓઢવા માટે આકાશ
શીદને રાખવી બીજી આશ ?
આશ તો કરે જીવનનો નાશ.

અંતઃકરણ વિશુદ્ધ હોય તેને બોધની જરૂર નથી.

અધિકાર જોઈને ઉપદેશ આપવો. ગ્રહણ કરી શકે તેથી વધારે બોજો લાદવો નહિ.

જે શુદ્ધ સાધનોથી ધન કમાય છે અને નિર્લેપપણે વાપરે છે તેનું શેષ જીવન સારું બનશે.

વિચારોમાં કંઈક તો કરો ફેરફાર. મળશે નહિ, મનુષ્યદેહ વારંવાર.

પાવન છે પરિવાર, પાવન છે દેશ
ત્યાં પ્રભુના ભક્તો જન્મ ધારણ કરે છે
મને જણાવો, નાતજાતના અભિમાનથી
કોઈ પવિત્ર બન્યું છે ખરું ?
અછૂત જ્ઞાતિઓ તો ભક્તિના સહારે
સંસાર તરી ગઈ છે
પુરાણો પણ તેમની કરે છે પ્રશસ્તિ
કુંભાર ગોરા, મોચી રોહીદાસ
મૉમિન કબીર, મુસલમાન લતીફ
વાળંદ સેના - વિષ્ણુના ભક્તો હતા.
કાન્હો પાત્રા, ચોખા, મેલા
અને વંકા હતા મહાર જ્ઞાતિના
નામદેવની નોકરાણી જનીની
કેવી હતી વિરલ શ્રદ્ધા !
વિઠ્ઠલ લેતા એની સાથે ભોજન
વિઠ્ઠલ ભક્તોની નાતજાત હોતી નથી.
આ છે ચુકાદો વેદોનો.

'તુકારામ', પ્ર.આ.માંથી સાભાર સંકલન ❏

**પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કારદિન રામનવમી નિમિત્તે ભેટ**

**પૂજ્ય શ્રીમોટાના નરોડાના સ્વજન હાલ અમેરિકા તરફથી ઉલ્લેખનીય ભેટ મળી છે :**

| | | |
|---|---|---|
| ૧. | સદ્‌ગત માતુશ્રી કંકુબહેન પ્રહ્‌લાદભાઈ પટેલની સ્મૃતિમાં હસ્તે વિજયાબહેન એન. દેસાઈ | રૂ. ૨૫,૦૦૦/- |
| ૨. | શ્રી વિજયાબહેન નટવરલાલ દેસાઈ | રૂ. ૨૫,૦૦૦/- |

**આ સહયોગ માટે એ પરિવારના અમો ઘણા ઘણા આભારી છીએ. - સંપાદક**

## (૮) જ્ઞાનીજનોની સપ્તધારા

કાર્તિકેય અ ભટ્ટ

આ વર્ષનો એપ્રિલ એટલે જ્ઞાનીજનોની સપ્તધારાનું પાન કરવાનો માસ. ૧૪ એપ્રિલ, રામનવમીએ પૂ. શ્રી વિમલાબહેન ઠકારનો જન્મદિન, શ્રીમોટાનો સાક્ષાત્કારદિન અને શ્રી રમણ મહર્ષિની પુણ્યતિથિ, ૧૦ એપ્રિલે સ્વામી રામદાસનો જન્મદિન, ૧૭મી તારીખે ભગવાન મહાવીરની જન્મ જયંતી, ૨૪ એપ્રિલ (ચૈત્રવદ, ૫) શ્રીમદ્ રાજચંદ્રની પુણ્યતિથિ અને ૧૯મી એપ્રિલે ઈસુ ખ્રિસ્તનો ગુડફ્રાઈડે. આ સાતેય જ્ઞાનીજનોની શ્રદ્ધાંજલિ, ભાવાંજલિ માટે આ લેખ તૈયાર કરવામાં આવ્યો છે.

જેને શ્રી ગોપીનાથ કવિરાજે 'સ્નેહમયી' પંડિત ઓમકારનાથે 'મારી આત્મજા', દાદા ધર્માધિકારીએ 'મારી મનસ્વિની' અને પંડિત નહેરુએ 'તેજસ્વિની' તરીકે બિરદાવ્યાં એવાં જીવનપ્રેમી પૂ. શ્રી વિમલાબહેન ઠકારે ઈ.સ. ૧૯૫૨ થી ૧૯૬૨ સુધી શ્રી વિનોબાભાવે સાથે ભૂદાનપ્રવૃત્તિમાં સહયોગ આપ્યો. ઈ.સ. ૧૯૫૬માં સર્વોત્તમ સ્વાતંત્ર્યવાદી શ્રી જે. કૃષ્ણમૂર્તિને સાંભળ્યા પછી એમને થયું કે પોતે જે સત્ય સમજ્યાં છે તેની પુષ્ટિ તેમને થઈ. ઈ.સ. ૧૯૬૬ થી ૧૯૮૬ સુધી ભારતસહિતના લગભગ ૩૬ દેશોમાં પરિભ્રમણ, પ્રવચનો, શિબિરો, વિચારગોષ્ઠીઓ દ્વારા લોકોના ચૈતન્યને ઢંઢોળવાનું કામ કર્યું. સમગ્ર વિશ્વમાં 'Spiritual leader' અને 'Social activist' તરીકે ઓળખાયાં. સમગ્ર વિશ્વમાંથી જિજ્ઞાસુઓ, સાધકો, સત્યના શોધકો તેમના માર્ગદર્શન માટે આવતા રહ્યા. ઉપનિષદો, પતંજલિના યોગસૂત્રો અને સંતજ્ઞાનેશ્વરજીની જ્ઞાનેશ્વરી-ગીતા પર વખતોવખત તેઓ બોલતાં રહ્યાં. 'જીવનની એકતા, અખંડતા અને અવિભાજ્યતાને ઓળખવી એ જ અધ્યાત્મ છે.' 'ભૌતિકજીવન અને આધ્યાત્મિક જીવન એમ જીવનના બે ખંડ નથી,' 'ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા છે.' '૨૧મી સદી એ પદાર્થ વિજ્ઞાન અને અધ્યાત્મવિજ્ઞાનના સમન્વયની છે.' આ તેમની કેંદ્રવર્તી સમજ હતી.

શ્રીમદ્ રાજચંદ્રનાં આધ્યાત્મિક લખાણોનો અભ્યાસ કરવા માટે શ્રી વિમલાબહેન ઠકાર ગુજરાતી ભાષા શીખ્યાં હતાં. વિમલાબહેને કહ્યું હતું, 'મારા જીવનની શુદ્ધિકરણમાં સંતજ્ઞાનેશ્વર, શ્રીમદ્ શંકરાચાર્ય તથા શ્રીમદ્ રાજચંદ્રે જે ભાગ ભજવ્યો તે તો હું જ જાણું છું.' વર્ધમાન, વીર, અતિવીર, નિર્ગ્રંથ શ્રેયાંસ વગેરે નામોથી ઓળખનાર ભગવાન મહાવીરે જૈન ધર્મનો પુનરુદ્ધાર કર્યો હતો. ૧૨ વર્ષના તપ, મૌન દ્વારા કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. જૈન ધર્મના અહિંસા, સત્ય, અપરિગ્રહ, અસ્તેય, બ્રહ્મચર્ય એ પાંચ મહાવ્રતોના એ સ્થાપક હતા. વિમલાજીએ કહ્યું હતું 'પૂર્વેના બધા તીર્થંકરો માટે મને પૂજ્યભાવ છે, પરંતુ મને લાગે છે કે ભગવાન મહાવીર (૨૪મા તીર્થંકર) પછી બીજા મહાવીર શ્રીમદ્ રાજચંદ્ર પોતે હતા.'

'પ્રયોગવીર', 'ક્રાંતિકારી', 'હિંદના હીરા', 'સાક્ષાત્ સરસ્વતી' જેવાં બિરુદો પામનાર, શતાવધાની પૂર્ણ અધ્યાત્મ પુરુષ શ્રીમદ્ રાજચંદ્ર વિશે ઈ.સ. ૧૯૭૩ના પર્યુષણપર્વ દરમિયાન સતત સાતદિવસ પૂ. વિમલાબહેને વ્યાખ્યાનો આપ્યાં હતાં. પૂ. વિમલાજીએ કહ્યું હતું, 'શ્રીમદ્ ચુપચાપ પોતાની આજીવિકા મેળવવાની ફરજ બજાવી રહ્યા હતાં છતાં એમનું લક્ષ્ય આત્મદર્શનની યાત્રા પર

એકાગ્ર કરી રહ્યાં હતાં. પોતાના ધંધાને પણ શ્રીમદે સાધનારૂપે ગણ્યો હતો. પૂ. વિમલાજી પૂરી જવાબદારીના ભાન સાથે કહે છે, 'શ્રીમદ્ સંસારમુક્ત ઊર્જાને પ્રભુનું નામ આપ્યું છે. આ ઊર્જાનો સ્પર્શ પામવો. દિવ્યતાનો સ્પર્શ પામવો એ જ ભક્તિ છે. જે કોઈ માણસ જીવનના મૂળ સ્રોતને પામ્યો છે તેની બાબતમાં આમ જ બન્યું છે.'

'જીવનપ્રેમી' તરીકે ઓળખાનારાં વિમલાબહેન ઠકારે વખતોવખત શ્રીહરિઃૐ મોટા સાથે સત્સંગ વાર્તાલાપ કર્યો હતો. પૂ. શ્રીમોટાને તેઓએ 'જીવનરસિક', 'માનવપ્રેમી', 'પ્રખર ગાંધીભક્ત', 'કર્મઠ સમાજસેવક', 'અવધૂત' તરીકે બિરદાવ્યાં હતાં. ૧૯૨૪માં વસંતપંચમીના દિવસે આરંભાયેલી પૂ. શ્રીમોટાની આત્મખોજની સાધના ૧૯૩૯માં રામનવમીના દિવસે આત્માનુભવમાં પરિણમી. આ દિવસે રાત્રે કાશીમાં શ્રીમોટાને અદ્વૈતનો સાક્ષાત્કાર થયો. આ પ્રસંગે જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પ્રવેશ્યો ત્યારે મહાસમાધિમાં ઊતરી જવાનું બન્યું હતું. ત્યાર પછી **'હું સર્વત્ર વિદ્યમાન છું'** એવી ચેતનાત્મક ભાવનાનો સર્વ પ્રકારે વિકાસ પૂ. મોટામાં પ્રવર્તમાન રહ્યો. પૂજ્યશ્રી મોટાએ અદ્વૈતના અનુભવની ઝલક આપતાં કહ્યું હતું કે પોતે બધામાં હોવા છતાં (બધાથી) નોખો પણ હોય અને એકરૂપ પણ હોય એવું સતત અનુભવાયા કરાતું હતું. શ્રીમોટાએ કર્મનો ત્યાગ કરવાની કે જીવનની ઉપેક્ષા કરવાનું કહ્યું નથી. સાધકો, શ્રેયાર્થીઓ જીવનને ઉન્નત કે ઊર્ધ્વગામી બનાવે એવો એમનો પ્રયાસ રહ્યો છે. **'મારે સમાજને બેઠો કરવો છે'** એ એમનો મૂળમંત્ર રહ્યો છે.

પૂ. શ્રીમોટાએ તિરુવન્નામલાઈના સંતશ્રી રમણ મહર્ષિના અનુભવને ટાંકીને કહ્યું હતું કે એકમાત્ર ચેતન જ શાશ્વત છે એ સાચું હોવા છતાં એની ખરેખરી ચોટ આપણને લાગતી નથી. એને માટે પણ એક વખત મૃત્યુનો ખરેખરો અનુભવ થવો જરૂરી છે. આ સંદર્ભમાં પ્રસંગ એવો છે કે શ્રી રમણ મહર્ષિ કિશોરાવસ્થામાં મદુરાઈમાં તેમના કાકાના મકાનમાં ઉપલા માળે બેઠા હતા ત્યારે તેમણે મૃત્યુનો સાક્ષાત્ અનુભવ કર્યો. 'શું હું મૃત્યુ પામ્યો છું ? દેહ તો શાંત સ્થિર છે પણ મને તો વ્યક્તિત્વની પૂર્ણશક્તિનો અનુભવ થઈ રહ્યો છે, જે દેહથી પર છે. આ મારા વિચારો ન હતા પરંતુ મારી સચોટ અનુભૂતિ હતી.' મૃત્યુની આવી નાટ્યાત્મક અનુભૂતિએ એક કિશોર વિદ્યાર્થીને ઋષિ બનાવી દીધો. આ અનુભવે મહર્ષિને દરેક પરિસ્થિતિમાં ઉપયોગમાં લઈ શકાય એવું અમોઘ 'હું કોણ છું ?' એ પ્રશ્નના ચિંતનરૂપી શસ્ત્ર આપ્યું. મહર્ષિ આજીવન તિરુવન્નામલાઈ અરુણાચલગિરિની સંનિધિમાં રહ્યા જ્યાં શ્રીમોટાએ એમનાં દર્શન કર્યા હતા. ૧૪ એપ્રિલ, દેહત્યાગ કરનારા શ્રી રમણે કહ્યું હતું, 'જ્ઞાની દેહ છોડ્યા પછી કાર્યરત રહી શકે છે. ગુરુ ભૌતિક શરીરમાં નથી તેથી એનો સંપર્ક એનો દેહવિલય પછી પણ ચાલુ રહે છે.'

એક સંત તિરુવન્નામલાઈ શ્રી રમણ મહર્ષિનાં દર્શનાર્થે ગયા. હાથ જોડીને મહર્ષિને પ્રાર્થના કરી, 'ભગવાન ! આ દાસ પર કૃપા કરો. માત્ર આપના આશીર્વાદ જ એ યાચે છે.' મહર્ષિએ પોતાની તેજસ્વી દૃષ્ટિ આ સંત તરફ ફેરવી અને જાણે એ દૃષ્ટિવાટે જ એમનામાં શક્તિસંચાર કરતા હોય એમ બે-ત્રણ મિનિટ સ્થિર નજરે જોઈ રહ્યા. પછી ડોકું ધુણાવ્યું. આ સંત અરુણાચલ પર્વતની સદ્ગુરુ સ્વામી નામની એક ગુફામાં ધ્યાનમગ્ન બનીને લગભગ ૧ મહિનો રોકાયા.

આ સંત હતા કાન્હનગઢ (કેરાલા), શ્રી આનંદાશ્રમના સ્વામી શ્રી રામદાસ કે જેઓ પાપા તરીકે ઓળખાયા. પોતાના પિતા બાલકૃષ્ણરાવ પાસેથી એમને 'શ્રીરામ, જય રામ, જય જય રામ'ની મંત્ર દિક્ષા મળી. જેમાં તેમણે 'ૐ' ઉમેર્યો. પૂર્ણત્વને પામ્યા પછી એક જિજ્ઞાસુને આ મંત્રનો અર્થ સમજાવતાં શ્રી રામદાસે કહ્યું,

ૐ એટલે નિરાકાર સત્ય

શ્રી એટલે દૈવીશક્તિ

રામ એટલે સત્ય સ્વરૂપ, સર્વ શક્તિમાન ઈશ્વર.

જયરામ એટલે જય હો !

જય જય રામ એટલે જય હો તો ઈશ્વરનો ! જે અનાદિ સત્ય તેમ જ સર્વશક્તિમાન છે એવા ઈશ્વર ! તારો જય હો.

તેઓ કહેતા, 'પવિત્ર ૐકારમાં જેટલી શક્તિ છે તેટલી જ શક્તિ રામનામમાં છે' 'આપણા જીવનનો મુખ્ય હેતુ આત્માને જાણવાનો છે. સ્વામી રામદાસે હિમાલયની ગુફામાં રોકાઈને પણ સાધના કરી હતી.'

હિમાલયની આ ગુફામાં ઉપવાસના દિવસો દરમ્યાન એક દિવસ રામદાસને મધ્યરાત્રિએ ઈસુ ખ્રિસ્તનાં દર્શન થયાં હતાં. પરદેશની યાત્રા દરમિયાન રામદાસને ઘણા વિદેશી જિજ્ઞાસુઓએ ઈસુ ખ્રિસ્ત વિશે પ્રશ્નો પૂછ્યા હતા. એમાં એક પ્રશ્ન હતો, 'ઈસુએ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે અને તે કહે છે કે તે ઈશ્વરનો અનુચર છે. તમને તે વિશે શું લાગે છે ?' જવાબમાં રામદાસે કહ્યું હતું, 'હા એ સાચું છે.' ઈસુ ખ્રિસ્તે કહ્યું હતું, 'હું અને મારા પિતા એક છીએ.' તોપણ તેમણે તે પરમ પિતાના પુત્ર તરીકે પોતાને ઓળખાવ્યા છે. બીજા એક પ્રશ્નમાં એમ કહેવાયું હતું કે, તમે ખ્રિસ્ત અનુયાયી કેમ થતા નથી ? 'રામદાસે કહ્યું હતું,' 'રામદાસે ક્રાઈસ્ટને પોતાના હૃદયમાં સ્થાપ્યા છે અને એ મહાન પુરુષ સાથે રામદાસ નિત્ય તાદાત્મ્ય અનુભવે છે... વસ્તુતઃ ખ્રિસ્ત તો આપણા દેહ, પ્રાણ અને અંતઃકરણનો માલિક છે. એણે જ નથી કહ્યું, સ્વર્ગનું રાજ્ય તમારા હૃદયમાં છે ?' ગુડફ્રાઈડે, બ્લેક ફ્રાઈડે, હૉલી ફ્રાઈડે, ગ્રેટ ફ્રાઈડે તરીકે ઓળખાતાં ૧૯ એપ્રિલનો આ દિવસ પ્રેમ અને ક્ષમાનો સંદેશ આપી જાય છે. આ દિવસે ઈસુ ખ્રિસ્તે તમામ યાતનાઓ સહીને માનવતાને માટે પ્રાણત્યાગ કર્યો હતો. ક્રાઈસ્ટને ક્રૉસ પર ચઢાવી મારી નાખ્યાની યાદમાં મનાવાતો આ તહેવાર છે.

૧૦ એપ્રિલ, ૧૮૮૪ના રોજ જન્મધારણ કરેલ આ રામદાસે ૨૫-૭-૬૩ના રોજ દેહત્યાગ કર્યો હતો. એમના શબ્દો હતા, 'રામદાસને મુક્તિ મળી ગઈ છે અને તેને ફરી આવવાની કોઈ જરૂર નથી, પરંતુ માનવજાતની સેવા કરવા માટે તે ફરીથી આવવા ઇચ્છે છે. સ્ત્રીઓને કેળવવામાં શ્રીમોટાએ ઊંચા ધ્યેયની વાત કરી હતી. શ્રીમોટા એમ માનતા કે સમાજને બેઠો કરવા માટે સ્ત્રીઓના ઉત્થાન અને કેળવણી માટે આગ્રહ રાખવો જોઈએ. સાહસ અને ધૈર્યવાળી સ્ત્રીઓ જો તૈયાર થાય તો રાષ્ટ્રની ઉન્નતિનું કાર્ય સરળ બની શકે. આથી, શ્રીમોટાએ હવે પછીનો જન્મ સ્ત્રી તરીકે લેવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. પૂ. શ્રી વિમલાબહેન ઠકારે કહ્યું હતું, 'જ્યારે શ્રીમોટાને મળવાનું થતું ત્યારે આંસુ ભરેલાં નેત્રો અને રુંધાયેલા કંઠે કહેતા, 'આગલો જન્મ સ્ત્રી દેહમાં લેવો છે. સ્ત્રીદેહમાં જ સંપૂર્ણ, નિર્દોષ, પ્રેમની પ્રતીતિ સંભવે છે.' ❑



શ્રી પુષ્પાબહેન દલાલને શ્રી મથુરીબહેન ખરે કુંભ આપી રહ્યાં છે.



પૂજ્ય શ્રીમોટા જલધારા જોઈ રહ્યા છે.



પૂજન વિધિ પૂર્ણ થતાં શ્રી મથુરીબહેન ખરે જમીન સમથળ કરી રહ્યાં છે.

**HARIBHAV, APRIL - 2019**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



## હરિ:ૐ આશ્રમ, નડિયાદ

*માટીના હાંલ્લામાં તેલ ના મળે, તોય આશ્રમ સ્થાપ્યો. તેલ નહિ. ખીચડી કરીએ, ભાત અને ખીચડી, અંદર મીઠું અને હળદર નાખીએ. શાકબાક મળે નહિ. એવી રીતે રહીએ. બાજરીનો રોટલો ટીપીને ખાઈએ-શાક વિનાનો. એ પણ ભગવાનની પ્રસાદી. એમાંથી આ બધું ધીરે ધીરે થયું. તપ કરો. તે વિના કશું થવાનું નથી.*

*- મોટા*

*'તદ્રૂપ સર્વરૂપ', ત્રીજી આ., પૃ. ૩૪*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com